।। श्रीकृष्णाय नमः ।।
।। श्रीवल्लभाधीशो जयति ।। ।। जयति श्रीविठ्ठलेश्वरः ।।

।। પુષ્ટિસંસ્કાર ।।

વર્ષ - ૪, અંક - ૮, સળંગ અંક - ૪૪, નવેમ્બર ૨૦૧૩

स वै पुसां परो धर्मो यतो भक्तिरधोक्षजे ।
अहैत्युक्यप्रतिहता ययात्मा सुप्रसीदति ।।

श्रीमद्भागवत १-२-६

શ્રીમદ્ભાગવતમાં સૂતજી કહે છે કે -

અર્થઃ મનુષ્યનો સર્વશ્રેષ્ઠ ધર્મ એ જ છે કે જેનાથી અધોક્ષજ (ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી પર) ભગવાનમાં અહૈતુકી અને અપ્રતિહત (જેનો ક્યારેય નાશ ન થાય) તેવી ભક્તિ ઉત્પન્ન થાય, જેનાથી આત્મરૂપ ભગવાન અત્યન્ત પ્રસન્ન થાય છે.

● પ્રકાશન ●
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન, મોટી હવેલી-જૂનાગઢ

PUSHTI SANSKAR NOVEMBER 2013

Visit us at : www.pushtisanskar.org

શ્રીવલ્લભ પુષ્ટિ પરિવાર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ

શ્રીવલ્લભ પુષ્ટિ પરિવાર દ્વારા ગોસેવા

આપશ્રી દ્વારા ગ્રન્થ અધ્યયન

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા – જુનાગઢના બાળકો દ્વારા રાસોત્સવ

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

‘પુષ્ટિસંસ્કાર’

પ્રેરક
ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)
પથદર્શક
ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

☐ તંત્રી
- **કમલ સેજપાલ**

☐ સહતંત્રી
- **મથુરભાઇ રામાણી**

☐ વ્યવસ્થાપક મંડલ
- **વિનોદભાઇ કંટારિયા**
- **જયેન્દ્રભાઇ તન્ના**
- **ભાવેશ રૂપારેલિયા**
- **આશિષ ગાથા**

☐ પ્રકાશક
- **શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન**
મોટી હવેલી,પંચહાટડી ચોક,
જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોનઃ૦૨૮૫-૨૬૨૧૧૧૧

☐ મુદ્રક
- **શાહ ગ્રાફિક્સ**

વાર્ષિક લવાજમ
` ૧૫૦/-

લેખનસૂચિ

લેખ	પૃષ્ઠ
તાપ કલેશનો માર્ગ	૬
ભક્તિપોષણ	૮
પુષ્ટિભક્તિમાર્ગ	૧૦
સુંદર રંગપૂરણી	૧૨
બાલ ગોષ્ઠી	૧૩
શ્રીકૃષ્ણલીલા	૧૪
શ્રીવલ્લભચરિત્ર	૧૫
કાવ્ય કણિકા	૧૬
પુષ્ટિ ચિન્તન	૧૭
સન્યાસ નિર્ણય	૧૮
કરૂણાનું ન્યોછાવર	૨૦
કીર્તનકારો અને કીર્તનનું મહત્વ	૨૧
શ્રીવલ્લભની દિવ્ય વાણી	૨૩
શ્રીગોકુલનાથજી વચનામૃત	૨૫
વ્યક્તિત્વવિકાસના સોપાનો	૨૬
આયુર્વેદ ઉપચાર	૨૭
પ્રવૃતિ સમાચાર	૨૯
વ્રતોત્સવ ટિપ્પણી	૩૨

● પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

● ‘પુષ્ટિસંસ્કાર’ નો અંક દરેક મહિનાની ૧૨ તારીખે રવાના કરવામાં આવે છે. જે-તે મહિનાની ૨૫ તારીખ સુધીમાં અંક ન મળે તો નામ, ગ્રાહક નંબર સાથે ‘શ્રીપુષ્ટિસંસ્કાર કાર્યાલય’ ફોનઃ૦૨૮૫-૨૬૨૧૧૧૧ પર જાણ કરવી.

કમલની કલમ

વિક્રમ સવંત્ ૨૦૭૦નો પ્રારમ્ભ થઇ ચૂક્યો છે. "પુષ્ટિસંસ્કાર" દરેક માનદ પ્રતિનિધિઓ, વાંચક વૈષ્ણવો, બાલ વૈષ્ણવો તેમજ પુષ્ટિસંસ્કાર પાઠશાલાના નિષ્ઠાવાન સંચાલકશ્રીઓ, પાઠશાલાના વૈષ્ણવ બાલને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છા... શુભકામનાઓ...

પ્રકાશનો પર્વ દીપાવલી અને નવ વર્ષની શરૂઆત થઇ ચુકી છે. જુનાગઢ મોટી હવેલી દાદાજી ગોસ્વામી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીનો પ્રાકટ્ય દિન પ્રત્યેક વૈષ્ણવો દ્વારા ઉત્સાહ, ઉમંગ દ્વારા મનાવવામાં આવ્યો. જીવનમાં નવ વર્ષે લોકો કંઇ ને કંઇ નવા સંકલ્પો લેતા હોય છે અને વર્ષ અંતે તે પૂર્ણ થાય તેવા સુંદર સ્વપ્નોનું સેવન કરતા હોય છે. શરૂઆતનાં સમયમાં લીધેલા સંકલ્પો પૂર્ણ કરવા માટે આપણે આગ્રહ રાખતા હોઇએ છીએ, પરન્તુ સમય જતા ફરી આપણી એ જ પુર્વવત્ જીન્દગીમાં જોડાઇ જતા હોઇએ છીએ. ભલા આવુ શા માટે? કાંઇ જ કારણ અને જવાબ આપણે આપી શક્તા નથી. માત્ર એવું જ વિચારીએ છીએ કે આ ભાગદોડ વાળી જીન્દગીમાં શું કરવું, એથી લીધેલા સંકલ્પો ફરી ત્યાં ને ત્યાં એક ચક્રની માફક ફર્યા કરતા હોય છે. કેટલીક વસ્તુઓ જોવા માટે ખાસ પ્રકારની નજર જરૂરી હોય છે. જેવી રીતે સારા કેમેરાથી પણ દરેક વ્યક્તિ સારો ફોટો પાડી શકતી નથી. એવી જ રીતે પ્રભુ સર્વ વ્યાપી કણ કણમાં વસેલા છે. પરન્તુ તેમના અને આપણા વચ્ચે સૌથી મોટી અડચણ, અંધકાર છે. પ્રકાશના શુભ પર્વમાં અંધકારરૂપી અડચણ દૂર કરી નિષ્ઠા દ્વારા પ્રભુની નિત્ય સેવા, સ્મરણ કરવા જોઇએ. આ અંધકાર દૂર કરવા માટે કાયમી પ્રકાશની વ્યવસ્થા કરવી પડશે. જ્ઞાની માટે આ પ્રકાશ વિચારોનો હશે. ભક્ત માટે પ્રભુની સ્તુતિ પ્રકાશ બની જશે. કર્મયોગી માટે પરિશ્રમથી પ્રકાશ ઉત્પન્ન થશે. આ પ્રકાશ તેની અંદર સમર્પણ, સત્ય અને શક્તિ પેદા કરે છે. પછી આ શક્તિ એ પરમશક્તિ સુધી પહોંચવામાં કામ લાગે છે. અંધકારમાં જીવવા માટે રાજી થવું જીવનથી પલાયન છે. આથી જીવનમાં હંમેશા પ્રકાશ શોધતા રહેવું જોઇએ. આ પ્રકાશ આપણને પ્રભુ પાસે મળે છે, કેમ કે પ્રભુ પોતે જ આ પ્રકાશનું કારણ છે.

આપણા માટે તો શ્રીકૃષ્ણ મુખારવિંદ સ્વરૂપે "શ્રીવલ્લભ" આ ભૂતલ પર પ્રગટ થઇને "કૃષ્ણ સેવા સદા કાર્યા" નું બ્રહ્મસમ્બન્ધ દિક્ષા દ્વારા દાન મળેલ છે. આથી વિશેષ આપણું બીજું કયું સૌભાગ્ય હોઇ શકે, માત્ર શ્રીવલ્લભની વાણી સ્વરૂપે બિરાજમાન ગ્રન્થોનો સહસિદ્ધાન્ત અભ્યાસ અને આપણી ભક્તિના શ્રેષ્ઠ દાતા શ્રીયમુનાજીની કૃપાથી નિષ્ઠા દ્વારા કોઇપણ પર્વતો, નદી વગેરેને પાર કરવાની સક્ષમતા આપણા બધા જ વૈષ્ણવોમાં રહેલી છે. બસ નવ વર્ષના પ્રારમ્ભમાં એક જ દિશા રાખીએ અને એ શ્રીપુષ્ટિભક્તિમાર્ગમાં અનન્ય નિષ્ઠા, પછી પ્રભુ પોતેજ પ્રકાશ સ્વરૂપ નિત્ય નિરન્તર આપણી વચ્ચે જ બીરાજતા હશે.

અપણા પાઠશાલાના પ્રણેતા એવા ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીનો જન્મ દિન આગામી કારતક વદ-૪ તેમજ તેમના આત્મજ ગોસ્વામી શ્રીવ્રજવલ્લભજી (શ્રીપ્રમેયબાવા)નો જન્મ દિન કારતક વદ-૨ના રોજ આવી રહ્યો છે. આ ઉત્સવને અનન્ય ભાવેથી હર્ષ, ઉલ્લાસ અને આનન્દથી સાચી અનુભુતિથી મનાવી આપણી વૈષ્ણવતાને પ્રકટ કરીએ.

"પુષ્ટિસંસ્કાર" ના પ્રેરક એવમ્ પથદર્શક એવા કાકાજી ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી, ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના ચરણ કમલમાં પુષ્ટિસંસ્કાર પરિવાર વતી નવ વર્ષના દંડવત પ્રણામ...

કમલના ભગવત્સ્મરણ...

।। श्रीदामोदरमदनमोहनौ प्रभू विजयेते ।।
।। श्रीवल्लभाधीशो जयति ।। ।। जयति श्रीविठ्ठलेश्वरः ।।

શુભ દીપાવલી ગોવર્ધન પૂજા-અન્નકૂટોત્સવ, નૂતનવર્ષ
પૂજ્ય દાદાજી શ્રીપુરૂષોત્તમલાલજીનો પ્રાકટ્યોત્સવ, ભાઇબીજ, ગોપાષ્ટમી.

આ પાવનકારી, મંગલકારી પર્વ પર સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને ખૂબ ખૂબ વધાઇ, સમસ્ત પ્રકારની સમન્વિત ઉન્નતિના આશિષ.

આપણા પ્રત્યેક ઉત્સવો ભગત્સમ્મુખતા પ્રાપ્ત કરવા માટે ઉત્તમ અવસર છે.

શુભ દીપાવલી - "तमसो मा जयोतिर्गमय" આપણા પ્રત્યેક ક્ષેત્ર, આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિકમાં રહેલું અજ્ઞાન દૂર કરી વૈષ્ણવતાથી આપણું અંતઃકરણ આલોકિત બને.

ગોવર્ધન પૂજન - "त्यजेत् सर्वम् अवैष्णवम्" પહેલા જે કાંઇ ચાલતું હોય, જ્યારથી વૈષ્ણવ થયા ત્યારથી તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર જ આપણુ જીવન બને તે આવશ્યક છે. અન્યાશ્રય અને બહિર્મુખતા, આના ત્યાગ વિના વૈષ્ણવતા શક્ય જ નથી.

શ્રીગિરિરાજજી સાક્ષાત્ પ્રભુનુ જ સ્વરૂપ છે અને વ્રજમાં અત્યારે સાત કોષમાં પ્રત્યક્ષ બિરાજે છે. શ્રીગિરિરાજજીના ઉલ્લંઘન રૂપી અપરાધ ન બને એ સાવધાની અપેક્ષિત છે. દાનઘાટીનો માર્ગ એ શ્રીગિરિરાજજીનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. તે માર્ગનો ક્યારે પણ ઉપયોગ નહિં કરીએ તેવો સંકલ્પ લઇએ. પાંચ કોષી તો કોઇ પરિક્રમા જ નથી આ તો શ્રીગિરિરાજજીની સ્પષ્ટ અવમાનના છે. આવું ન કરીએ.

પહેલા શ્રીગિરિરાજજી પર શ્રીનાથજી બિરાજતા હતા ત્યારે પણ શ્રીનાથજીના દર્શન કરવા માટે શ્રીગિરિરાજજી પર ગોબરનો માર્ગ હતો, તે પરથી જ વૈષ્ણવો જતા. ભલે ક્યારે પણ તે મંદિર પર ન ગયા હોઇએ. શ્રીગિરિરાજજી પર પગ રાખી પ્રભુને શ્રમ આપવાના અપરાધથી બચીએ. શ્રીગિરિરાજજીને શ્રમ ન પડે તેની સતત કાળજી લઇએ. **"कहा करेगो इन्द्र हमारे कृष्ण सहाइ"** આ ભાવનાથી ભગવાન શ્રીકૃષ્ણ પ્રતિ આપણા અનન્યાશ્રયને દઢ કરવાનો ઉત્તમોત્તમ દિવસ એટલે ગોવર્ધન પૂજા.

પ્રભુને સોહાય, સાત્વિક હોય, દૂધ-દહી-ઘી-માખણ એ જ ગાયોના ધરીએ જેના સંપૂર્ણ વંશની રક્ષા થતી હોય, તેમાં જ ગાયોની અને પ્રભુની પ્રસન્નતા છે અને આ માટે ઘેર ઘેર, ગામે ગામ ગોશાલાના નિર્માણની આવશ્યકતા છે. ત્યારે જ આપણી માથે બિરાજતા પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાશે.

વિટામિન વાળું તેલ લગભગ નોનવેજ હોય છે; એવું નિષ્ણાતોનું કહેવુ છે તેથી આનો ત્યાગ કરીએ.

જે જલપ્રવાહમાં અપવિત્ર ગંદુ જલ ભળતું હોય તેની ઝારીજી ભરવા કરતા જ્યાં આવું પ્રદૂષણ નથી તે શ્રીયમુના જલની ઝારીથી પ્રભુની પ્રસન્નતાનો કયારેક તો લ્હાવો લો.

देवे वर्षति यज्ञ विप्लवस्रुषा वज्राश्मपर्षानिलैः। सीदत्पालपशुस्त्रि आत्मशरणं दृष्ट्वानुकम्प्युत्स्मयन् ।।
उत्पाट्यैककरेण शैलमबलो लीलोच्छिलीन्ध्रं यथा । बिभ्रद्गोष्ठमपान्महेन्द्रमदभित् प्रीयान्न इन्द्रो गवाम् ।
(श्रीमद्भागवत दशमस्कन्ध.अ.२६ श्लोक २५)

નૂતન વર્ષ સંવત ૨૦૭૦ – આપણા જીવનમાં જે આપણો દૈનિક ક્રમ છે. જેમાં ધાર્મિક સાધનાનુષ્ઠાન પણ આવી જાય છે તેનો આપણા વ્યક્તિત્વ પર કેવો પ્રભાવ પડે છે. તેનું આત્મનિરીક્ષણ પણ કરતા રહેવું જોઇએ. ક્યારેક એવું લાગે છે કે આ વાત તો સાવ વિસરાઇ ગઇ છે. પ્રત્યેક સાધના પ્રણાલીમાં અધિકારીનો વિચાર પ્રથમ કરવામાં આવે છે. શ્રીમહાપ્રભુજીએ પણ જે સાત્વિક છે તેને માટે ધર્મોપદેશ કરેલો છે. તામસ = દ્યૂત-મદ્ય-અસત્ય-અનૈતિક સમ્બન્ધોથી ગ્રસ્ત, નોનવેજ ભક્ષણ કરનારા કયારે પણ સાત્ત્વિક ન હોઇ શકે. તામસનો ત્યાગ એ તો ધર્મપાલનની પ્રાથમિક આવશ્યકતા છે.

“चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा । ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ।।(सिद्धान्तमुक्तावली)

શ્રીમહાપ્રભુજીએ આપણને ભગવત્સેવાના ઉપદેશની સાથે આપણી સાત્ત્વિકતાનો વિકાસ કઇ રીતે થાય છે તેનું નિરીક્ષણ કરતા રહેવાનો આદેશ આપ્યો છે. આ પ્રતિ દુર્લક્ષ આપણે અપનાવેલી સાધનાપ્રણાલી પર પણ પ્રશ્નચિહ્ન લગાવી દે છે.

શ્રીમહાપ્રભુજીને અભિલષિત છે કે આપશ્રીના અનુયાયી પોતાના સાત્ત્વિકતાના વિકાસ પ્રતિ સાવધાન રહે. તામસ વધતું નથી ને ? તેનો ખ્યાલ રાખે. સાત્ત્વિકતાની વૃદ્ધિ પ્રતિ જાગૃત બને આ માટે જ પુષ્ટિસંસ્કાર પાઠશાલાનું આયોજન છે. જેથી પ્રારમ્ભથી જ આપણામાં વૈષ્ણવતાના સંસ્કાર, મન, વચન અને કર્મથી આવે.

ધર્મને માત્ર તેના બાહ્ય રૂપમાં ન રહેવા દઇ ધર્મના સંસ્કારોથી સિંચિત આપણું વ્યક્તિત્વ બને. આપણે જેને પોતાના માનીએ છીએ તે લોકો પણ સાચાં અર્થમાં સંસ્કૃત બની સત્યનાં માર્ગે અગ્રસર થાય. **“तन्मे मनः शुभसंकल्पम् अस्तु”.**

પૂજ્ય દાદાજીનો પ્રાકટ્યોત્સવ – પૂજ્ય દાદાજીએ વૈષ્ણવસૃષ્ટિને તેના સર્વવિધ કલ્યાણનો માર્ગ યથાર્થ રીતે બતાવ્યો. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં ધૈર્યને ન છોડી દૃઢ ભગવદાશ્રયનો ઉત્તમ આદર્શ સ્થાપિત કર્યો. સોરઠને આપણા રાષ્ટ્રના અવિભાજ્ય અંગ બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી વૈષ્ણવસૃષ્ટિ રાષ્ટ્રની એકતા માટે પણ સદાએ તત્પર રહે તેવો ઉપદેશ આપ્યો.

પૂજ્ય દાદાજી શ્રીપુરૂષોત્તમલાલજીનાં ચરણોમાં વન્દન.

ભાઇબીજ – શ્રીયમુનાજીની કૃપા અનુભવવાનો ઉત્તમ દિન. – શ્રીયમુનાજી વ્રજમાં પરિશ્રમ રહિત થઇ, જેવું શ્રીયમુનાષ્ટકમાં વર્ણન તે રીતે અમને આજીવન દર્શન થાય એવા મનોરથ કોને ન હોય?

આ માટે પ્રયાસ કરીએ, આજે શ્રીયમુનાજીને બધા જ તરફથી પરિશ્રમ છે. ત્યારે જેનાથી વિશેષ પરિશ્રમ છે તે ગો હત્યા કરીને એની અત્યન્ત અપવિત્ર મલિનતા શ્રીયમુનાજીના પ્રવાહમાં નાખી જઘન્ય અપરાધ શ્રીયમુનાજીનો, આપણા પ્રભુનો, આપણી રાષ્ટ્રની અસ્મિતાનો થઇ રહ્યો છે તે કતલખાનાની મલિનતા શ્રીયમુનાજીના જલપ્રવાહ ક્ષેત્રમાં ન પડે તેવા આયોજન માટે લોકોને તૈયાર કરવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરીએ.

“વંદન કરું શ્રીયમુનાજી શ્રીકૃષ્ણ આશ્રય આપજો”

ગોપાષ્ટમી – આપણા રાષ્ટ્રમાંથી ગોવંશ હત્યાના કલંકને દૂર કરવાના સંકલ્પનો ઘેર ઘેર અને ગામે ગામ ગોશાલાની સ્થાપના કરી આપણા ક્ષેત્રના ગાય, વાછડા, વાછડી, બળદ, નંદીને છેવટ સુધી પાલન કરવા પ્રયત્નનો દિવસ.

ગોપાલન માટે વિધિ અને નિષેધનો સંકલ્પ – આપણા ક્ષેત્રના ગોવંશની રક્ષા કરીને પ્રાપ્ત થતા દ્રવ્યનો ઉપયોગ અને હત્યા કરીને પ્રાપ્ત થતા દ્રવ્યનો ત્યાગ.

“मातरः सर्वभूतानाम् गावः सर्व सुखप्रदाः” “श्रीकृष्णः शरणं मम”

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા વાર્ષિક સમારોહ : સંસ્કારિતાની સૌરભ

ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદય

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાની વિશિષ્ટ પ્રવૃત્તિ આજે આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ સાથે અત્યન્ત ઝડપથી વિકસિત થઇ રહી છે. ગયા વર્ષે પાઠશાલાનો વાર્ષિક ઉત્સવ અત્યન્ત આનન્દ ઉલ્લાસ સાથે જૂનાગઢમાં સમ્પન્ન થયો હતો. આ પ્રવૃત્તિ હવે અન્ય ક્ષેત્રોમાં પણ વિકસિત થાય અને સર્વ વૈષ્ણવ બાળકો સંસ્કાર પ્રવર્તનના આ વિશિષ્ટ આયોજનનો લાભ પ્રાપ્ત કરે તે માટે આ વર્ષે આપણો વાર્ષિક ઉત્સવ 'પુષ્ટિસંસ્કાર ૨૦૧૪' તારીખ પાંચમી જાન્યુઆરી ૨૦૧૪ - રવિવારના રાજકોટમાં આયોજિત કરવા જઇ રહ્યા છીએ. પાઠશાલાની પ્રત્યેક શાખા તથા ઉત્સાહી સર્વ વૈષ્ણવો આ કાર્યક્રમમાં અવશ્ય ઉપસ્થિત રહે એવો આગ્રહ છે.

આ આયોજન પૂર્વની મિટીંગમાં રાજકોટના વૈષ્ણવોનો અત્યન્ત ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ સાંપડ્યો છે. અનેક ઉત્સાહી યુવા કાર્યકર્તાઓ, સમાજના શ્રેષ્ઠીઓએ આ અભિયાન અને આયોજન સન્દર્ભે ખૂબ જ ઉત્સાહ પ્રકટ કર્યો છે. શૈક્ષણિક તેમ જ સામાજિક જીવનના આગેવાનોએ પણ આ કાર્યક્રમ માટે અત્યન્ત ઉત્સાહ અને સહયોગની ભાવના દેખાડી છે. પ્રભુ કૃપાથી 'શ્રીપુષ્ટિસંસ્કાર ૨૦૧૪' અભૂતપૂર્વ થશે તેવો દૃઢતમ વિશ્વાસ છે.

આપણા વાર્ષિક આયોજનો દ્વારા; સમસ્ત સમાજ સામે આપણી પ્રવૃત્તિઓ અને તેમાં રહેલી વિશેષતાઓને ઉજાગર કરીએ છીએ. ગત વર્ષ આપણા વાર્ષિક આયોજન દ્વારા 'બાળકો માટે સંસ્કાર અતિ આવશ્યક છે' તે બાબતમાં સમગ્ર સમાજનું ધ્યાન દોરવામાં સફલ રહ્યા હતા.

અનેક વિદ્યાલયો પોતાના વાર્ષિક સમારોહનું આયોજન કરતા હોય છે. ઘણી શાળાઓ તે કાર્યક્રમમાં સંસ્કારિતાની ખૂબ જ કાળજી રાખીને સુંદર આયોજન કરે છે; જે બાળકોના સર્વાંગપૂર્ણ વિકાસમાં સહાયક થાય છે. પરન્તુ કેટલીક શાળાઓના વાર્ષિક સમારોહમાં ફિલ્મના અશ્લીલ ગીતો પર નૃત્ય કરતા કૂમળા બાળકોને જોઇએ છીએ ત્યારે વિચાર આવે છે કે આપણે શિક્ષણની સાથે સંસ્કાર આપવાની જવાબદારીમાંથી શા માટે દૂર ભાગી રહ્યા છીએ ? શા માટે વિચાર નથી કરતા કે આવા દ્વિઅર્થી બોલ વાળા અસભ્ય ગીતો પર વેસ્ટર્ન ડ્રેસ પહેરીને નાચતા નાના નાના બાળકોને આપણે કયા પ્રકારનું ઘડતર આપી રહ્યા છીએ ? શું સિનેમા હોલ અને વિદ્યામંદિર માં કોઇ જ ફરક નથી ! જ્યારે બાળપણમાં આવા શબ્દો પર બાળકો નાચે તેમાં શાળા સંચાલકો - શિક્ષકો કે વાલીઓને ક્ષોભ થતો ન હોય તો પછી બાળકો પાસે કોઇ પારિવારિક સ્નેહ - આત્મીયતા કે સંસ્કારોની અપેક્ષા ન રાખતા કેમકે નાના કૂમળા બાળકોને પ્રિમેચ્યોર મોટા થઇ જવાનો અભિશાપ આપણે જ આપી રહ્યા છીએ.

પ્રત્યેક પ્રબુદ્ધ વ્યક્તિ આ વાતનો વિચાર કરે કે શિક્ષણ દ્વારા સંસ્કાર એ જ સાચું ઘડતર છે. બાકી દુઃસંગ તો શોધવા જવું પડે એમ નથી. વિદ્યાલયો તો; એ દુઃસંગની વિપરીત અસરોમાંથી છોડાવે તેવા સંસ્કારના ધામ બનવા જોઇએ.

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાની પ્રવૃત્તિ અને વાર્ષિક સમારોહ; સમસ્ત સમાજને બાળકોમાં સંસ્કારસિંચનની આવશ્યકતા માટેની પ્રેરણા આપે અને વ્યક્તિગત કે સામાજિક રૂપે પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના ક્ષેત્રમાં સંસ્કારિતાનો વિચાર કરે તેવી શુભકામના ....

તાપ કલેશનો માર્ગ

મથુરભાઇ રામાણી

આપણા પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં આપણને દીક્ષા આપતી વખતે જ ભક્તિમાર્ગીય તાપક્લેશનું બીજ રોપવામાં આવેલું છે. જે ગદ્યમન્ત્રમાં **'તાપક્લેશાનંદ'** શબ્દ ઉપરથી જાણી શકાય છે. આ મન્ત્ર બે વિભાગમાં વહેંચાયેલો છે. પહેલો વિભાગ ગદ્યમન્ત્ર કહેવાય છે. કારણ કે તે ગદ્યમાં છે. જ્યારે પાછળનો (બીજો) વિભાગ પંચાક્ષર મન્ત્ર કહેવાય છે. **"હે કૃષ્ણ ! હું તમારો છું"** તે પાંચ અક્ષર છે.

પુષ્ટિમાર્ગને તાપક્લેશનો માર્ગ કહ્યો છે. સામાન્ય વ્યવહારમાં (લૌકિકમાં) તાપક્લેશ એટલે કંકાશ અને માનસિક તનાવ અથવા તો વર્તનથી કે કોઇ કારણથી થયેલું અપાર દુઃખ પણ પુષ્ટિમાર્ગમાં **"તાપક્લેશ"** નો વિશિષ્ટ અર્થ થાય છે. એટલે તો આ "તાપક્લેશ" શબ્દ સમૂહ વાંચીને કોઇ ગેરસમજુતી ન કરવી જોઇએ.

પુષ્ટિમાર્ગમાં તાપક્લેશ એટલે ભગવાનનાં દર્શન કરવાની, ભગવાનને મળવાની ઉત્કટ તાલાવેલી, આતુરતા અને ભગવાનને મળવામાં વિલંબ થવાથી હૃદય માં થતો અસહ્ય તાપ. આ તાપ કોઇ લૌકિક દુઃખથી થતો તાપ નથી. આ તાપ એ આધ્યાત્મિક માર્ગનો તાપ છે.

સંસારી (લૌકિક) તાપ આપણાથી દૂર રહે તેવી આપણે ઇચ્છા રાખતા હોઇએ છીએ પણ આ આધ્યાત્મિક તાપની તો સાચા હૃદયના ભક્તો આકાંક્ષા (ઇચ્છા) રાખતા હોય છે. એટલે તો નિરોધલક્ષણ ગ્રન્થમાં આચાર્ય શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે -

યચ્ચ દુઃખં યશોદાયા નન્દાદીનાં ચ ગોકુલે
ગોપિકાનાં તુ યદ્ દુઃખં તદ્ દુઃખં સ્યાત્ મમ ક્વચિત્

અર્થાત્ શ્રીગોકુલમાં શ્રીયશોદાજીને, શ્રીનંદરાયજીને તથા ગોપીઓને શ્રીકૃષ્ણનાં વિરહનું જે દુઃખ થયું તે દુઃખ મને પણ થાઓ. અહીં ઉપરના કહેલા તાપક્લેશની જ વાત છે. ભગવાનનાં વિરહમાં શ્રીયશોદાજી, શ્રીનંદરાયજી અને વ્રજની ગોપીઓને અત્યન્ત તાપક્લેશ થયો હતો. શ્રીમહાપ્રભુજી કહે છે કે એવો ભાગ્યવાન હું પણ થાઉ તો કેવું સારૂં, કે મને પણ એવા ભગવાનનાં દર્શન માટેનો તાપક્લેશ થાય. સર્વોત્તમસ્તોત્રમાં શ્રીગુંસાઇજી પણ શ્રીવલ્લભનું એક નામ જણાવે છે; **વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ** - ભગવાનનાં વિરહનો અનુભવ કરાવવા માટે સર્વ વૈદિક બાબતોનાં ત્યાગનો ઉપદેશ કરનાર શ્રીમહાપ્રભુજી છે.

આ તાપક્લેશનાં માર્ગે જનાર ગોપીજનનું નંદદાસજીએ એક પદમાં સુન્દર નિરૂપણ કર્યુ છે.

કૃષ્ણ નામ જબતે શ્રવણ સુન્યોરી આલી
ભૂલીરી ભવન હોં તો બાવરી ભઇરી,
ભરભર આવે નૈના ચિતહુ ન પરે ચેના
તનકી દશા કછુ ઓર ભઇરી ।।૧।।
જેતેહ નેમ ધર્મ કિનેરી મેં બહુ વિધિ,
અંગ અંગ ભઇ હોતોં પ્રેમમઇરી,
'નંદદાસ' જોહો શ્રવણ સુનત યહ ગતિ
માધુરી મુરત કેંધો કેસી દઇરી ।।૨।।

જયારે આચાર્ય શ્રીમહાપ્રભુજીને રૂપસનાતને પ્રશ્ન કર્યો કે, 'પ્રભુ આપનો માર્ગ તો પુષ્ટિ કરવાવાળો છે. તો પછી આપના માર્ગમાં આવેલા આપના સેવકો દુબળા કેમ છે ?'

તો આચાર્ય શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે "ભાઇ હું તો કહું છું કે આ માર્ગમાં આવતો નહિ પણ એ લોકો મારૂં માનતા નથી તો ભલે ભોગવે".

બીજો એક પ્રસંગ શ્રીમહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ ચૈતન્યનાં પરસ્પર મિલનનો પ્રસંગનો છે જે

તાપક્લેશના માર્ગ પર પ્રકાશ પાડે છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ ચૈતન્ય અવારનવાર મળતા હતા. શ્રીઆચાર્ય મહાપ્રભુજી અડેલમાં બિરાજતા હતા અને શ્રીકૃષ્ણ ચૈતન્ય બંગાળથી વૃંદાવન જતા માર્ગમાં મધ્યાન્હ સમયે અડેલ આવ્યા ત્યારે તેમણે શ્રીમહાપ્રભુજીને પૂછયું,'આપનું સર્વસ્વ તો વ્રજધામમાં છે. છતા આપે વ્રજથી દૂર સ્થિતિ કેમ કરી?' શ્રીમહાપ્રભુજીએ જવાબમાં કહ્યું 'અમને વ્રજલીલાનો વિયોગ છે તેથી વ્રજલીલાનાં વિરહ તાપની ભાવનાને પુષ્ટિ આપવા માટે અમે વ્રજથી દૂર સ્થિતિ રાખી છે. 'તાપક્લેશ' ભોગવ્યા વિના ભગવત્ પ્રાપ્તિ થાય નહિં. વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં પણ કહ્યું છે કે

અજાતપક્ષા ઇવ માતરં ખગાઃ સ્તન્યં યથા વત્સતરાઃ ક્ષુધાર્તા :।
પ્રિયં પ્રિયેવ વ્યુષિતં વિષણ્ણા-મનોઽરવિન્દાક્ષ દિદક્ષતે ત્વામ્ ॥

વૃત્ર કહે છે - 'હે કમલનેત્ર, પક્ષીઓનાં પાંખો ન આવેલા બચ્ચાં જેમ માતાને જોવાને આતુર હોય, ભુખે ટળવળતા નાના વાછરડાં દૂધપાન માટે જેમ આતુર હોય અને જેમ કામથી પીડાતી પ્રિય પત્ની પરદેશ ગયેલા પતિને જોવા આતુર હોય તેમ મારૂં મન આપનાં દર્શન માટે આતુર છે.'

આ શ્લોકમાં ભગવાનનાં દર્શન માટે ભક્તની ઉત્કટ મનઃ સ્થિતિ નું સુંદર ચિત્રણ કરેલું છે જન્મવૈફલ્યાષ્ટકમાં શ્રીહરિરાયજી પણ કહે છે કે

ન નિજસ્વામિ વિરહે પરિતાપો ન ભાવના
ન દૈન્યં પરમં યસ્ય વૃથા તજજન્મ ભૂતલે ।।૮।।

એટલે કે જેને પોતાના સ્વામીનો (ભગવાનનો) વિરહ સતાવતો નથી અને જે વિરહના તાપક્લેશથી પીડાતા નથી તેનો આ પૃથ્વી પરનો જન્મ નિષ્ફળ જ ગયો છે. પ્રભુ અગણિત આનન્દરૂપ છે અને અગણિત આનન્દના ભોક્તા છે આવા પ્રિયતમની પ્રાપ્તિ વિરહાગ્નિથી થાય છે.

વિરહ અનલ યાતે કહત સબગુણપૂરણ એહ
પક્વ દશા કર દેત હૈ તીરદે નિરવધિ નેહ ।।

અર્થાત્ અગણિત આનન્દનાં ભોક્તા પ્રિયતમની સુખદ સેવા માટે વિવિધ પ્રકારનાં રસાત્મક ગુણો જોઇએ જે ગુણો વિરહનાં અનુભવમાં પ્રાપ્ત થાય છે.

ભક્તને ભગવાનનાં મિલન માટેનો તાપ લાગે છે એવો જ ભગવાનને ભક્તનાં મિલન માટેનો તાપ લાગે છે. જે સૂરદાસજીએ ભગવાનની ભક્તનાં વિરહમાં થતી મનઃસ્થિતિ નું અનુભવેલું કીર્તન

ઉધો મોહી વ્રજ વિસરત નાહિ.
હંસ સુતાકી સુન્દર કલરવ,
બિરહ દુહાવન નીહી ।।
ગ્વાલ બાલ સબ કરત કુલાહલ,
નાચત ગ્રહી ગ્રહી બાંહી,
જબહી સુરતિ આવત વા સુખકી,
જીય અકુલાત રહત સુધિ નાંહિ।।
અગનિત ભાતિ કરી બહુ,
લીલા યશોદાનંદ નીબાહી
'સૂરદાસ' પ્રભુ રહે મૌન ગ્રહી,
યહ કહી કહી પછતાહી ।।

"પુષ્ટિસંસ્કાર"

વાંચક વૈષ્ણવો...

નવા વર્ષનું પુષ્ટિસંસ્કાર માસિકનું લવાજમ ડિસેમ્બર મહિનાથી શરૂ કરવામાં આવશે. વૈષ્ણવોની વિશેષ લાગણી અને માંગણીને ધ્યાનમાં લઇ આવતું વર્ષ એપ્રિલ ૨૦૧૪ થી વાર્ષિક લવાજમ **રૂા.૧૫૦/-** અને ત્રિવાર્ષિક લવાજમ **રૂા.૪૦૦/-** મુજબ રાખવામાં આવેલ છે.

તો આપ સર્વે પ્રતિનિધિ અને વાંચક વૈષ્ણવોને વિશેષ નોંધ લેવા વિજ્ઞપ્તિ...

-તન્ત્રી

શ્રીદયારામભાઇ રચિત **ભક્તિપોષણ** લેખાંક - ૩૭ વિવેચન - વ્રજલાલભાઇ વાછાણી, જૂનાગઢ

ભકિત નૌકા તારે સર્વને જે કો શરણે આવે શુચિ-પાપી
અન્ય સાધન દારુ-તુંબિકા, ગ્રહે સભય તરે કો કદાપિ.
તરે કદાપિ, બચે કામાદિ ગ્રાહથી
સામર્થ્ય નહિ અણુ તારવા સાથી
વિબુધ વિચારી જુઓ નિજ મન
ભકિત ભલી કે સાધન અન્ય ? સેવો શ્રીકૃષ્ણ
કૃપાળ... ૪૭

શબ્દાર્થ :- શુચિ-પવિત્ર, દારુ-તુમ્બડી, ગ્રહે-પકડે, સભય-ભય સાથે ગ્રાહ-મગર, અણુ-જરા પણ, વિબુધ-પંડિત, બુદ્ધિમાન, નૌકા-નાવ.

વિવેચન :- ગત કડીમાં કવિશ્રીએ ભક્તિ ચાંડાલને પણ તારી શકે છે કે જેનામાં એક પણ શુભાચરણ ન હોય. આ ચન્દ્રાવળામાં ભક્તિને નૌકાની ઉપમા આપીને ભક્તિની શ્રેષ્ઠતા દર્શાવે છે. સાગર પાર કરવા જેમ સાધનની જરૂર છે. તે સાધન મજબુત હોય તો જ પાર કરી શકાય. નહિતર અધવચ્ચે ડુબાડે. અહી સાગર પાર કરવા સાધનોની સમીક્ષા કરી છે. અગાઉના જમાનામાં નાવથી પાર જઇ શકાતું તેમ અત્રે ભક્તિને નાવની ઉપમાં આપી છે કે ભક્તિરૂપી નાવમાં બેસીને સંસાર પાર કરવો.

તરવાના સાધન તરીકે ભકિતને નૌકા સાથે સરખાવે છે અને અન્ય સાધનોની તુંબડી સાથે તુલના કરે છે અન્ય સાધનો તે જેમ કે તુંબડી બાંધીને પાર થવું તે જોખમ ભરેલુું છે સમુદ્રમાં રહેતા મગરમચ્છનો ભય પૂરો રહે છે.

નાવમાં આરામથી બેસાય, વળી નાવમાં બેસવાવાળાનો જાતિ અગર તો ગુણ-દોષ જોવાતા નથી. માટે જ ભક્તિરૂપી નાવથી પાર થવાનુું સૂચવેલ છે. કોઇ લાકડાના પાટીયા ઉપર બેસી પાર કરવા ચાહે તો તે જોખમ ભરેલું છે. શરીર ભીંજાય, શ્રમ પણ પડે કદાચ તુંબડુ કે લાકડાનો સહારો લઇ પાર થાય તો પણ એકલો જ તરે બીજાને પાર કરી શકતો નથી. તેવી જ રીતે ભક્તિ છોડીને અન્ય સાધનો બધા હીણ છે.

યોગી તરે કદાપિ એકલો ભક્ત તારે અનેક.
તુજ સંગે કોઇ વૈષ્ણવ થાય તો તુ વૈષ્ણવ સાચો
તારા સંગનો રંગ ન લાગે તહાં લગી તું કાચો.

જ્ઞાન અને ભકિત :-

જ્ઞાન એ જો કે ભગવાનને મેળવવાનું સાધન ગણાય છે પણ ભકિતની સરખામણીએ તે ન્યૂન સાધન છે કારણ કે જ્ઞાન એ સભય છે. (ગ્રહે સભય તરે કો કદાપિ) અને ભકિત નિર્ભય છે. જ્ઞાની એ પોતે નિર્ભય થઇ શકતો નથી નિર્ભયતા તો ભક્તિથી જ પ્રાપ્ત થાય છે.

“आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कुतश्चन” એ શ્રુતિનું સ્વારસ્ય ભક્તની કોટિને જ્ઞાનીની કોટિ કરતા ઉચ્ચ જણાવે છે. જ્ઞાન અને ભક્તિની ઉપર જણાવેલી સરખામણી દયારામભાઇ પોતાની એક અન્ય કૃતિમાં નીચે પ્રમાણે કરે છે.

“ભક્તિ મણિ ને દીપક જ્ઞાનજી,
અભય સભયાદિ કર માનજી,
જેહને જેહની ઉપર સ્નેહજી,
તેહને ગણીયે તેહનો દેહજી.”

જ્ઞાન પણ ભક્તિ વગર શોભતું નથી. રાવણ વેદ

ભણેલો હતો પણ તેના જ્ઞાનનો તેણે કેવો ઉપયોગ કર્યો તે સર્વ કોઇ જાણે છે. વૈરાગ્ય પણ ભક્તિ વગર શોભે નહિ.

“વ્યર્થ ભણ્યા ભક્તિવણ વેદજી
રાવણ દીધો રઘુપતિ ખેદજી...
(રસિકવલ્લભ)

વળી ભક્તિનો જ્ઞાનથી ઉત્કર્ષ સમજાવતા દયારામભાઇ કહે છે.

“નહિ મોહ સ્ત્રીને સ્ત્રી થકી છે માયા પણ સ્ત્રી દેહ
ભક્તને ન દમે અજા તે સમજવું કારણ એહ
પુલ્લિંગ જ્ઞાન વૈરાગ્ય યોગાશ્રિત તત્સમ સોહે
તે માય્ય પીડા પ્રધાન દે છે નારી નરને મોહે.”

દુનિયામાં સૌનો અનુભવ છે કે સ્ત્રી સ્ત્રીથી મોહાય નહિ. પુરૂષ જ સ્ત્રીથી મોહાય માટે ભક્તિરૂપી સ્ત્રી માયારૂપી સ્ત્રીથી મોહાય નહિ. અર્થાત્ ભક્તને માયા દમે નહિ, પણ જ્ઞાન અને વૈરાગ્ય એ બન્ને પુરૂષો છે માટે માયા તેમને મુગ્ધ કરીને પીડે છે માટે જો માયારૂપી સ્ત્રીના મોહથી બચવું હોય તો ભક્તિનો જ આશ્રય કરવો એમ કહેવાનો આશય છે.

આ જ ચન્દ્રાવળાની સમાન વાત દયારામભાઇ પોતાની એક રસિકવલ્લભ નામની કૃતિમાં નીચે પ્રમાણે કહે છે.

ભવતારણ નૌકા ભક્તિ કાષ્ટ તુમ્બિ જ્ઞાનાદિક
નાવે સકલ સહજે અભય ત્યાં સ્વયમપિ શ્રમ સહબીહિક

ભક્તિ એ હોડી છે અને જ્ઞાન વગેરે કાષ્ટ તથા તુંબડુ છે. હોડીથી સમુદ્ર તરવામાં ભય રહેતો નથી પણ કાષ્ઠ તથા તુંબડાથી તરવામાં ભય રહે છે માટે સંસારરૂપી સાગર તરવાનું વિશ્વસનીય ખરૂં સાધન તો ભક્તિ જ છે. જ્ઞાનાદિક નહિ. ભક્તિ જો સિદ્ધ થઇ તો જ્ઞાન અને વૈરાગ્ય સ્વતઃ ભક્તિની પછવાડે આવે છે એટલે જ્ઞાન તથા વૈરાગ્ય માટે જુદા પ્રયત્ન કરવાની જરૂર નથી.

એ ભક્તિના બે પુત્ર છે જ્ઞાન વૈરાગ્ય કહાવે
જયાં ગાય ઘરમાં આવી સહેજે વત્સ ચાલ્યા આવે.

જેમ ગાય જયાં જાય ત્યાં તેનું વાછરડું જાય છે. તેમ ભક્તિની પાછળ જ્ઞાન તથા વૈરાગ્ય જાય છે. ભક્તિ અને જ્ઞાનના ફળમાં પણ ફેર છે.

‘ભક્તિનું ફળ ભગવંત નિજ જ્ઞાનાદિનું ફળ મોક્ષ,
જ્ઞાનનું ફળ મોક્ષ પણ ભક્તિનું તો સાક્ષાત્ ભગવાન છે. માટે કવિ કહે છે કે

‘રસિકને રૂપરસાળ પ્રિય નિર્વાણ ન રૂચે રૂક્ષ’

રસિક ભક્તને પ્રભુ સિવાય બીજું રૂચે જ નહિ. મોક્ષ વગેરે તો તેને લૂખા જ લાગે છે. જ્ઞાન તો ડાંગરના કૂશકા કૂટવા બરાબર છે. તે કૂટતા જેમ કંઇ પણ લાભ નથી. ઉલટુ કલેશ થાય છે. તેમ જ્ઞાનની દશા છે.

જ્ઞાનનું ફળ મુક્તિ કહેવાય છે પણ તેમાં વિશેષતા શું છે? તે મુક્તિ શું મૃત્યુ સમાન નથી? જેવું મૃત્યુ તેવી તે મુક્તિ છે. કારણ કે મૃત્યુથી દેહનો લય થાય છે ત્યારે મુક્તિથી જીવ, આત્માનો બ્રહ્મમાં લય થાય છે. માટે જ પ્રભુના ભક્તો તેવી મુક્તિને પણ લેતા નથી.

‘હરિ દે ન લે જલ લવણ સરખી મુક્તિ માને ચાર’

ચાર પ્રકારની મુક્તિ પ્રભુ આપે છે તો પણ પ્રભુના ભક્તો તો તેને મીઠા જેવી ખારી માનીને લેતા નથી. “મુક્તિ લોન સી ખારી” માટે આ સર્વમાંથી સિદ્ધાન્ત એ ફલિત થાય છે કે :-

‘ભક્તિ વિના સહુ સાધન શૂન્યજી,
શ્રીભાગવતે ભાખ્યુ શુકમુન્યજી.’

જેનામાં ભક્તિ છે. તેનું જીવન ધન્ય છે. ભક્તિ વગરનું જીવન વ્યર્થ છે.

‘શ્રીકૃષ્ણ ભક્તિ નથી તો સમજવા દ્વિજ ચાંડાલ’
માટે જ કવિ કહે છે -
સેવો શ્રીકૃષ્ણ કૃપાલ (૪૭)

ક્રમશઃ

“પુષ્ટિભક્તિમાર્ગ” લેખાંક-૧૬ અનસૂયાબેન ઉકાણી-ઉપલેટા

ધર્મશાસ્ત્રાત્તુ બલવદ્ ભક્તિશાસ્ત્રમિતિ સ્થિતિ : ।
ચિત્તં હરૌ પ્રતિષ્ઠાપ્ય વૃત્તિયત્નં ચ કારયેત્ ।।
સર્વથા વૃત્ત્યભાવે તુ યામં સેવાપરો ભવેત્ ।
વૃત્તેઃ સહજતાસિદ્ધ્યૈ કૃષ્ણમાત્રરતો ભવેત્ ।।

શ્રીઠાકુરજીમાં ચિત્ત રાખીને આજીવિકા મેળવવા પ્રયત્ન કરવો. જો આજીવિકાનું કોઇ સાધન હોય જ નહીં, તો એક પ્રહર સુધી (ત્રણ કલાક) સેવા કરવી. બાકીના સમયમાં આજીવિકા માટે ઉદ્યમ કરવો. જો આજીવિકા સહજ રીતે પ્રાપ્ત થતી હોય તો શ્રીકૃષ્ણમાં આસક્તિ રાખીને રહેવું.

હર્યર્થમપિ યત્નેન જાતવૈમુખ્યવારણે ।
શ્રીભાગવતપાઠં ચ વિદધ્યાન્નિયમેન હિ ।।

શ્રીઠાકુરજીની સેવા માટે પ્રયત્ન કરતા જેટલો સમય શ્રીઠાકુરજીથી વિમુખ થવાય, તે વિમુખતાનો દોષ છે. તેના નિવારણ માટે નિયમ પ્રમાણે શ્રીમદ્ભાગવતનો પાઠ કરવો.

ચિત્તક્ષોભજવૈમુખ્યાભાવાય પરુષં સહેત્ ।
માનયેદપિ કૃષ્ણોક્તમિત્યેવોત્સાહસિદ્ધયે ।।

ચિત્ત વ્યગ્ર થતાં શ્રીઠાકુરજીથી વિમુખ થવાય છે. તેથી પણ વિમુખતાનો દોષ લાગે છે. તે દૂર કરવા માટે જે કંઇ આપત્તિ આવી પડે તે સહન કરવી. અન્યનાં વચન, અપમાન, નિંદા સહન કરવા. આવી આજ્ઞા ભગવાને શ્રીભાગવતમાં કરી છે. એ ભગવદ્વાક્યનું ચિન્તન કરતાં મનની વ્યગ્રતા દૂર કરવી. તેથી સેવામાં ઉત્સાહ સિદ્ધ થશે.

વૈરાગ્ય પરિતોષં ચ લીલાભાવાય ભાવયેત્ ।
જન્મનોડપ્યન્તિમત્વં વૈ કૃતાર્થત્વં ચ ચિન્તયેત્ ।।

લોભ દૂર કરવા માટે વૈરાગ્ય અને સન્તોષ રાખવાં. આ મારો છેલ્લો જન્મ છે એમ જાણવું. પ્રભુ મારે માથે બિરાજે છે, તેથી હું કૃતાર્થ છું, એવું સદા ચિન્તન કરવું.

એવં નિશ્ચિત્ય ચિત્તેન નિરપેક્ષો દઢાંતરઃ ।
સ્થિરાન્તઃકરણં કૃત્વા વિશ્વાસં પિતૃવદ્ધરૌ ।।
સેવયેત્તત્પરો ભૂત્વા યુક્ત્યા લૌકિકયા પુરા ।
દેશકાલૌ વિચાર્યૈવમવસ્થાં ચ પ્રભોરપિ ।।

ઉપર કહ્યા પ્રમાણે મન વડે નિશ્ચય કરીને આલોક અને પરલોકમાં કશી અપેક્ષા રાખ્યા વિના, મનને દઢ કરી, શ્રીહરિમાં માતા પિતાની જેમ વિશ્વાસ રાખવો. અગાઉ બતાવેલ બાલભાવવાળી લૌકિક યુક્તિથી અથવા પતિવ્રતા પત્ની જેમ પતિની સેવા કરે તેમ શ્રીઠાકુરજીની સેવા કરવી. સેવામાં દેશ કાળનો વિચાર કરવો. શ્રીઠાકુરજીના વયનો પણ વિચાર રાખવો. બાલ્યાવસ્થા કે કિશોરાવસ્થાને ધ્યાનમાં રાખીને શ્રીઠાકુરજીને સુખ થાય તેમ સેવા કરવી.

તદર્થં વ્યર્થવચનં કૃતિસાધ્યં પરિત્યજેત્ ।
કૃષ્ણે સમર્પયેન્નૈવં કિલષ્ટં કાપિ પ્રયત્નતઃ ।।

સેવા માટે ખોટું બોલવું નહિ તેમજ બિનજરૂરી પણ બોલવું નહિ. બહુ જ કલેશ કરીને જે મેળવ્યું હોય તે પ્રભુને સમર્પવું નહિ. શ્રીઠાકુરજીને અંગીકાર કરાવવા માટે કોઇપણ વસ્તુ કલેશ કરીને મેળવવી નહિં.

ઈષ્ટં લોકે તથા સ્વસ્ય યચ્ચિરં ચિત્તચિન્તિતમ્ ।
તદૈવ સમર્પયેદ્ ભક્ત્યા ભક્તિસમ્બન્ધિ સર્વથા ।।

જગતમાં જે ઉત્તમ કહેવાતું હોય, જેને મેળવવા લોકો બહુ ઇચ્છા રાખતા હોય અને પોતે પણ તે ઉત્તમ વસ્તુ શ્રીઠાકુરજીને અંગીકાર કરાવવા ઘણા સમયથી મનોરથ કર્યો હોય, એવી જ વસ્તુઓ ભક્તિપૂર્વક શ્રીઠાકુરજીને અંગીકાર કરાવવી. શ્રીભાગવતજીમાં આ પ્રકારની ભગવદાજ્ઞા છે.

તથાનવસરે સેવા બહિરંગેડપિ મુખ્યવત્ ।
કાર્યા બુદ્ધિઃ કૃષ્ણકાર્યે વસ્ત્રપ્રક્ષાલનાદિકે ।।

જ્યારે સેવાના અનવસરનો સમય હોય ત્યારે સેવા માટે જરૂરી બહારની સેવા પણ મુખ્ય સેવાની જેમ કરવી, જેમાં શ્રીઠાકુરજીનાં વસ્ત્રો ધોવાં વગેરેનો સમાવેશ થાય છે. તે સેવાને પણ મુખ્ય સેવા જેવી જ ગણવી.

કાલે કાલદ્વયે કાલત્રયે કુર્વીત સેવનમ્ ।
સ્વધર્મમાચરેદંગં નિત્યં નૈમિત્તિકં તથા ।।

એક વેળા (સવાર) અથવા બે વેળા (મધ્યાહ્‌ન) અથવા ત્રણ વેળા (સાંજ) જેટલી બને તેટલી શ્રીઠાકુરજીની સેવા કરવી. સેવાના અંગ રૂપે પોતાના નિત્ય અને નૈમિત્તિક સ્વધર્મ (વર્ણાશ્રમ લૌકિક વૈદિક)નાં કર્મો પણ કરવાં.

નિવૃત્તિરાગ્રહેણૈવ વિધર્માદિતિ નિશ્ચયઃ ।
ધર્મસિદ્ધાવપિ પુનર્વૈશિષ્ટ્યાત્ કૃષ્ણર્મતઃ ।।

જે જે કાર્યોથી વિધર્મો પોતાના સ્વધર્મને બાધ નડે તે આગ્રહપૂર્વક છોડવા, એવો શાસ્ત્રોનો નિશ્ચિત મત છે. સેવામાં જે પ્રતિબંધો કરનારો ધર્મ હોય તે વિધર્મ છે, એમ સમજી તેને છોડવો. સેવાધર્મ જ સર્વ ધર્મોમાં મુખ્ય છે, એમ સમજવું.

ઇન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ કર્તવ્યઃ સર્વથા મતઃ।
પરોપકારધર્માણાં દૌર્બલ્યં ચ વિભાવયેત્ ।।

ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને સારી રીતે અંકુશમાં રાખવા. પરોપકારનાં ધર્મોને દુર્બળ જાણવા, એટલે કે સેવા છોડીને પરોપકાર કરવામાં તત્પર થવું નહિ.

એવમ્ પ્રકુર્વતઃ કૃષ્ણાવેશાદ્યદિ ભવેત્પુનઃ ।
તત્સેવાસાધને નિષ્ઠા તસ્માન્નિત્યં હિ સેવયેત્ ।।

ઉપર પ્રમાણે સ્વધર્મનું પાલન કરતાં કરતાં હૃદયમાં ભગવાનનો આવેશ થાય, અને તે આવેશ થતાં સેવાનાં સાધનોમાં નિષ્ઠા થયા પછી નિત્ય પ્રભુની સેવા કરવી. નિત્ય સેવા કરવાથી શ્રીઠાકુરજીમાં અને સેવાનાં સાધનોમાં ભાવ વધે છે.

ક્રમશઃ

નિઃસાધન જન ઉદ્ધારક પ્રભુ

નીલમબેન પાનસેરીયા-કેશોદ

એક વખત ગંગાજીના કિનારે ધોબી કપડા ધુએ છે. ત્યાં એક ભક્ત સ્નાન કરવા આવ્યા ધોબીના કપડાના છાંટા ઉડવાથી ભક્તે વિનંતીના સ્વરમાં ધોબીને કહ્યુ "ભાઇ! જરા મને સ્નાન કરી લેવા દે, હું જાઉ પછી કપડા ધોવાનું કામ કરજે"

ધોબીએ ભક્તની વાતને કાન ના ધરી, ધોવાનું પુરજોશ ચાલુ રાખ્યું ભક્ત જીવ પરેશાન થઇ ગયા.

આ પ્રકારે પોતાના ભક્તને દુઃખી થતો જોઇ પ્રભુને દયા આવી વિચાર કર્યો કે 'મારા ભક્તની મદદે જાઉ.' લક્ષ્મીજીએ પ્રભુને પુછ્યું 'મહારાજ, કયાં ચાલ્યા?' પ્રભુ કહે છે 'ભક્તની સહાય માટે જાઉ છું.' અહિંયા ગંગા કિનારે ધોબીની હરકતથી પરેશાન ભક્તની ધીરજ ખૂટી ગઇ તેને ગુસ્સો આવ્યો. તે ગુસ્સે થઇ ધોબીનો સામનો કરવા લાગ્યા પ્રભુ આ જોઇ પાછા ફર્યા. લક્ષ્મીજીએ પુછ્યું 'પ્રભુ! કેમ અડધેથી પાછા ફર્યા ?' પ્રભુએ કહ્યું 'હવે એને મારા પર વિશ્વાસ નથી **તેને ગુસ્સો આવી ગયો છે** તેનામાં નિઃસાધનતાનો ભાવ નથી.'

ઉપરોક્ત પ્રકારે આપણે પણ નિઃસાધનતાનું ભાવન કરીને દૃઢ વિશ્વાસપૂર્વક અનન્ય શરણાગતિ સ્વીકારી નથી ત્યાં સુધી પ્રભુ નથી પધારતા. બહાર જ્યાં ત્યાં અલ્પ આનન્દ માટે ભટકીએ છીએ એક વાત ભુલી જઇએ છીએ કે નિત્ય આનન્દ, અખંડ આનન્દનું દાન કરનાર તો સેવ્ય સ્વરૂપ તો ઘરમાં જ બિરાજે છે? પરન્તુ આ વાત સમજવી એ પણ શ્રીમહાપ્રભુજીની કૃપા હોય તો જ બને. સેવ્ય સ્વરૂપને ઓળખવું; શ્રીવલ્લભજીની કૃપા વિના શક્ય નથી બહુ દુર્લભ છે.

રંગપૂરણી...

ગોસ્વામી સૌ. શ્રીપદ્મશ્રીવહુજી



શ્રીગુસાંઇજીના પંચમ લાલજી શ્રીરઘુનાથજી

।। श्रीकृष्णाय नमः ।।

बालगोष्ठी

BAL GOSHTHI

NOVEMBER - 2013

Compilation
PRAMEY GOSWAMI

सर्व के लिए लाभदायक – तुलसीजी

तुलसीजीको 'विष्णुप्रिया' भी कहते हैं । धर्मकी दृष्टिसे तो तुलसीजीका महत्त्व है ही; इसीलिए तो हम वैष्णव तुलसीजी की कंठी कंठमें धारण करते हैं । साथ ही साथ औषधि के रूपमें भी उतना ही महत्त्व है । विविध उपचार में तुलसी के पत्ते बहुत उपयोगी हैं । सर्दी में तुलसी का काढा पीने से सर्दी दूर होती है । तुलसी के रस में मधु मिला के आँख में डालने से नेत्रज्योति बढती है । भोजन के बाद पाँच तुलसी दल खाने से मुख में दुर्गन्ध नहीं आती ।

प्राणीजगत

खरगोश (Rabbit - Bunny)



खरगोश एक छोटा जानवर है; जो विश्व के अनेक स्थानों में पाया जाता है । खरगोश जंगल, घास के मैदान, रेगिस्तान, पानी वाले इलाकों में तथा बर्फिली जगहों पर पाये जाते हैं । वे समूहमें रहते हैं । वे जमीन के नीचे बिलों में रहते हैं । खरगोश घास – पत्ते, फल और सब्जी खाते हैं । वे बहुत तेजीसें दौड सकते हैं ।

सुभाषित

क्षणशः कणशश्चैव विद्याम् अर्थं च साधयेत् ।
क्षणे नष्टे कुतो विद्या, कणे नष्टे कुतो धनम् ।।

Every moment one should learn, from every bit one should earn. If you waste a second **(kshan)** you can't get knowledge **(vidya)** and if you waste a bit **(kan)** u can't get money **(artham)**

શ્રીકૃષ્ણલીલા

મણિ નિમિત્તે સત્રાજિત અને શતધન્વાનો વધ

ડો. નિરાલી ડી. કોઠારી

ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકાથી હસ્તિનાપુર પધાર્યા. કારણ કે લોકો સમજતા હતા કે પાંડવો અને કુન્તાજી લાક્ષાગૃહમાં બળી ગયા છે અને આથી શ્રીકૃષ્ણ બલદેવજી સાથે કુલપરમ્પરા પ્રમાણે વ્યવહાર કરવા પધાર્યા હતા. શ્રીકૃષ્ણ અત્યારે દ્વારકા નથી આ જાણી અક્રૂર અને કૃતવર્મા શતધન્વાને મળવા ગયા અને એમને કહ્યુ કે ‘શ્રીકૃષ્ણ અત્યારે દ્વારકા નથી આથી તું સત્રાજિત પાસેથી મણિ છીનવી શકીશ.’ આ સાંભળી શતધન્વા મણિના લોભમાં આવી ગયો અને આ લોભને કારણે તેણે સત્રાજિતને મારી નાખ્યો.

પોતાના પિતા સત્રાજિતને મરેલા જોઇ સત્યભામા બહુ જ દુઃખી થયા અને પોતાના પિતાનાં શરીરને તેલની કોઠીમાં રાખી હસ્તિનાપુર પોતાના પતિ શ્રીકૃષ્ણને આ બધું કહેવા ગયા. શ્રીકૃષ્ણ બધુ જાણનાર છે છતા સત્યભામાની વાત સાંભળી શોક કરવા લાગ્યા અને શતધન્વાને મારવાનું વચન લીધુ.

જયારે શતધન્વાને સમાચાર મળ્યા કે શ્રીકૃષ્ણ તેને મારવાના છે ત્યારે તે ખૂબ જ ડરી ગયો પરન્તુ અક્રૂર અને કૃતવર્મા બન્નેએ મદદ માટે ના પાડી દીધી. જ્યારે અક્રૂરજીએ મદદની ના પાડી તો પણ શતધન્વાએ મણિ તેને આપી ઘોડા ઉપર બેસીને એક દિવસમાં સો ગાઉ દૂર જતો રહ્યો.

શ્રીકૃષ્ણ અને બલદેવજી પણ એમની પાછળ રથ ઉપર બેસીને ગયા. મિથિલા નગરનાં ઉપવન પાસે શતધન્વાનો ઘોડો પડી ગયો. ડરને કારણે તે; તેને ત્યાં છોડીને દોડવા લાગ્યો. આ જોઇ ભગવાન પણ રથ મૂકીને દોડી તેની પાછળ ગયા અને તીક્ષ્ણધાર વાળા ચક્રથી તેનુ માથુ કાપી નાખ્યું.

શ્રીકૃષ્ણે શતધન્વાનાં કપડામાં મણિ શોધ્યો પરન્તુ તેમાં ન મળ્યો. ત્યારબાદ શ્રીકૃષ્ણ દ્વારકા પધાર્યા અને સત્યભામાને શતધન્વાનાં મૃત્યુનાં સમાચાર આપ્યા તથા મણિ ન મળ્યો એ પણ કહ્યું. પછી પોતાના સસરા સત્રાજિતની ઉત્તર ક્રિયા કરાવી.

અક્રૂરજી દ્વારકાના દાનાધ્યક્ષ હતા તથા કૃતવર્મા કોટવાલ કાયદો અને વ્યવસ્થા જાળવનાર હતા. પરન્તુ જ્યારે તેમણે બન્નેએ સાંભળ્યું કે શ્રીકૃષ્ણે શતધન્વાને મારી નાખ્યા છે. ત્યારે બન્ને દ્વારકા છોડીને જતા રહ્યા. દ્વારકાવાસીઓ પણ કહેવા લાગ્યા કે, તો મણિ આ લોકો પાસે જ હોવો જોઇએ.

શ્રીકૃષ્ણે દૂત મોકલી અક્રૂરજીની શોધ કરાવી. તે આવ્યા ત્યારે તેનું સ્વાગત કર્યુ અને કહ્યું કે ‘મને ખબર છે કે મણિ તમારી પાસે જ છે અને તમે જ રાખો પરન્તુ એકવાર બલદેવજી, સત્યભામા અને જામ્બુવતીને તે બતાવી દો.’ આથી અક્રૂરજીએ એ સૂર્યનાં તેજ જેવો મણિ તે લોકોને બતાવી દીધો.

આ રીતે જે લોકોને એમ હતું કે મણિ શ્રીકૃષ્ણે લીધો છે એમનો સન્દેહ દૂર થયો અને દંડ આપવા સમર્થ હોવા છતા અક્રૂરજીને મણિ પાછો આપી દીધો. આમ, મણિ નિમિત્તે સત્રાજિત અને શતધન્વાનો વધ થયો.

શ્રીવલ્લભચરિત્ર

ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વારા દીક્ષામન્ત્રનું પ્રદાન



એક વખત શ્રાવણ સુદ એકાદશી (પવિત્રા એકાદશી) ના રાત્રિના શ્રીવલ્લભાચાર્યજી શ્રીગોકુલમાં શ્રીયમુનાજીના તટ પર વિશ્રામ કરી રહ્યા હતા. સાથે આપના પરમ શિષ્ય દામોદરદાસ હરસાનીજી પણ હતા.

તે સમયે શ્રીવલ્લભને ચિન્તા થઇ કે ''પ્રભુની આજ્ઞા પ્રમાણે પુષ્ટિજીવોને ભગવદ્સેવા દ્વારા પ્રભુસંબંધી બનાવવા છે. પરન્તુ પ્રભુની સેવા માટે આવશ્યક શુદ્ધિ તો જીવમાં છે નહિ ! તો પછી તેવા દોષયુક્ત જીવનો પરમ ગુણવાન્ સર્વદોષ રહિત એવા પ્રભુ સાથે સંબંધ કેવી રીતે થઇ શકે ?''

શ્રીવલ્લભની જીવોના ઉદ્ધાર વિષયક આ ચિન્તાને દૂર કરવા માટે ભગવાન્ શ્રીકૃષ્ણ શ્રીવલ્લભની સામે સાક્ષાત્ પ્રકટ થયા અને શ્રીમહાપ્રભુજીને 'બ્રહ્મસમ્બન્ધ મન્ત્ર' પ્રદાન કરીને આજ્ઞા કરી કે ''બ્રહ્મસમ્બન્ધ મન્ત્રની દીક્ષા આપીને જે જીવને આપ સેવા યોગ્ય બનાવશો તેની સેવા હું અંગીકાર કરીશ અને તેને પોતાનો માનીશ; તેને છોડીશ નહિ.''

શ્રીવલ્લભ ભગવાન્ શ્રીકૃષ્ણ પાસેથી જીવના ઉદ્ધારનો ઉપાય પ્રાપ્ત કરીને અત્યન્ત પ્રસન્ન થયા. ત્યાર પછી શ્રીવલ્લભે પોતાના અનન્ય સેવક દામોદરદાસ હરસાનીજી ને પૂછ્યું 'દમલા ! તેં કછુ સુન્યો ? (દમલા ! તે કંઇ સાંભળ્યું ?)

દામોદરદાસજીએ જવાબ આપ્યો 'મહારાજ ! સુન્યો તો સહિ પરિ સમુજ્યો નાહિ' (મહારાજ; સાંભળ્યું તો ખરૂં પણ સમજાયું નહિ)

ત્યારે શ્રીવલ્લભે દામોદરદાસજીને પ્રભુએ પ્રકટ થઇને કહેલી સર્વ આજ્ઞા કહીને સમજાવી અને સર્વપ્રથમ બ્રહ્મસમ્બન્ધદીક્ષા દામોદરદાસજીને આપી.

ત્યાર પછી વિવિધ સ્થાનો પર અનેક જીવોને શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપી. જેમને શ્રીમહાપ્રભુજી બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપતા તેઓ પૂછતા 'અબ હમારો કહા કર્તવ્ય હૈ ?' ત્યારે શ્રીવલ્લભ ઉત્તર આપતા 'ભગવદ્સ્વરૂપ પધરાયકે સેવા કરો.'

ત્યાર પછી અનેક પ્રસંગોમાં શ્રીમહાપ્રભુજીએ; તે વૈષ્ણવને ઘરે બિરાજીને તેમને સમ્પૂર્ણ ભગવદ્સેવાનો ક્રમ સમજાવ્યો છે. આ રીતે શ્રીવલ્લભ; પોતાના શિષ્ય પ્રતિ આત્મીયતાથી તેમના સાચા અને સમ્પૂર્ણ માર્ગદર્શક બન્યા છે. શ્રીવલ્લભની કૃપાથી અનેક વૈષ્ણવોની સેવાનો પ્રભુએ સ્વીકાર કર્યો.

કાવ્યકણિકા

"અમે બાલુડા રે પુષ્ટિસંસ્કારના રે"

આનન્દ આનન્દ અમે કરતા... બાલુડા રે.
વલ્લભ ગુરૂ અમને પ્રાણ થકી પ્યારા,
યમુનાષ્ટકના શુદ્ધ ઉચ્ચારણ શીખવતા.

પુષ્ટિ સાથે સંસ્કારની વૃષ્ટિ વલ્લભ
કરતા..બાલુડા રે.
જ્ઞાન દિપકનું તેજ વધારતા
સાચા ખોટાનો સાર સમજાવતા,

અમને પોતાના વલ્લભ ગણતા ... બાલુડા રે.
નાના નાના છોડનું વલ્લભ પોષણ બહુ કરતા
નજદીક રાખીને વલ્લભ શુદ્ધ મન કરતા.

ધન્ય ધન્ય બની અમે જતા... બાલુડા રે.
કાલી ઘેલી ભાષામાં ગુણ અમે ગાતા
તે સાંભળીને વલ્લભ રાજી રાજી થતા.
તેવી ઝાંખી વલ્લભની અમો કરતા... બાલુડા રે.

-કુંદનબેન ક્કડ
કેશોદ

પાઠશાલા

અમે નિશાળીયા રે વલ્લભ કુળના
અમારું ભણતર જુદુ, અમે નિશાળીયા રે...

અમારી નિશાળમાં શ્રીનાથજીનું મંદિર
નિત્ય ત્યાં ભેળા થઇએ, અમે નિશાળીયા રે...

નિશાળનો કાયદો તિલ્લક કરવાનો,
કંઠમાં તુલસીની માળા, અમે નિશાળીયા રે...

અમારા પુસ્તક ભાગવતને ગીતા,
નિત્ય સાંભળવાને જઇએ, અમે નિશાળીયા રે...

અમારું લેશન હરિગુણ ગાવાનું,
નાચતાંને કુદતા રહીએ, અમે નિશાળીયા રે...

અમારા ગુરૂદેવ રે શ્રીમહાપ્રભુજી,
એના કહેવામાં રહીયે, અમે નિશાળીયા રે...

-કુસુમબેન શેરઠીયા
કલાણા





પુષ્ટિ ચિન્તન

હિમાંશુ પાઘડાર-જૂનાગઢ

૧			■	■	૨	■	■	■	૩	■
■	■	■	■	૪				■		■
■	■	■	■	■	■	■	■	■		■
૫						■	■	■		■
■	■	■	■	■	■	■	૬	■		■
■	■	૭	■	૮						■
■	■		■	■	■	■		■	■	■
■	■		■	■	૯					
■	■		■	૧૦	■	■	■	■	■	■
■	■	■	■		■	■	■	■	■	■
૧૧			■	■	૧૨					

ઊભીચાવીઃ

(૨) 'આપ સેવા કરી, શિખવે શ્રી........'(૨)

(૩) પુષ્ટિમાર્ગમાં વંચકને ઓળખવા માટે શ્રીહરિરાયજીએ .... નિરૂપણ ગ્રન્થ પ્રકટ કર્યો.(૬)

(૬) શ્રીકૃષ્ણની મુખ્ય આઠ પટરાણીમાંથી એક (૪)

(૭) 'શ્રીકૃષ્ણાશ્રય'-ગ્રન્થ લાહોરના આ વૈષ્ણવ માટે રચાયો. (૪)

(૧૦)મનુષ્યને સુખ, દુઃખ, ભય તથા કલ્યાણ ....અનુસાર મળે છે.(૨)

આડી ચાવીઃ

(૧) ચાચા હરિવંશજી વૈષ્ણવોને .... વૈષ્ણવોનો સંગ કરવાનો કહે છે.(૩)

(૪) દૂર રહીને પરિતઃ ચરણ (દોડાદોડથી) થાય તે. ......(૪)

(૫) "एकं शास्त्रं देवकीपुत्रगीतम्" આ શ્લોક કોણે લખ્યો? (૬)

(૮) અન્યાશ્રયનો સમ્પૂર્ણ ત્યાગ કર્યા વિના અનન્ય શરણાગતિની જુઠ્ઠી દીક્ષા લેનાર........નામના નર્કમાં જશે.(૬)

(૯) ગિરિરાજ પર્વતનું બીજું નામ ......(૬)

(૧૧) શ્રીમદ્ ભાગવતજીમાં કુંતીજીની સ્તુતિ અનુસાર પ્રભુની લીલાનું જ્ઞાન થવાથી ....દૃઢ થશે.(૩)

(૧૨) શ્રીમહાપ્રભુજીની બેઠકો કોણે પ્રકટ કરી? (૬)

ઉત્તર

આડીચાવીઃ
(૧)તાદૃશી (૪)પરિચર્યા (૫)શ્રીજગન્નાથજી (૮)અસિપત્રવન (૯)હરિદાસવર્ય (૧૧)સ્મરણ (૧૨)ગોકુલનાથજી

ઊભીચાવીઃ
(૨)હરિ (૩)દુઃસંગવિજ્ઞાન (૬)મિત્રવિંદા (૭)બુલામિશ્ર (૧૦)કર્મ

ષોડશગ્રન્થપરિચય

સન્ન્યાસ-નિર્ણયઃ

ચંદ્રિકાબેન નરશાણા-જૂનાગઢ

ભક્તિવર્ધિની ગ્રન્થમાં ભક્તિભાવના દઢ કરવા માટે શ્રવણ-કીર્તનની સાથે ત્યાગનું સાધન શ્રીવલ્લભે બતાવ્યું છે. જેને લૌકિક ત્યાગ ગણી શકાય. ભક્તિની દઢતા માટે (પ્રતિકૂળ સમયે) ગૃહત્યાગની પણ આજ્ઞા કરી છે. આ બન્ને પ્રકારનો ત્યાગ વૈષ્ણવોએ કઇ અવસ્થામાં અને કયા હેતુથી કરવો તેનું સ્પષ્ટીકરણ ભક્તિવર્ધિનીમાં કરવામાં આવ્યું નથી. તેથી ત્યાં અનિરૂપિત ત્યાગનો વિચાર આ ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી વિસ્તારથી સમજાવે છે. "વિરહાનુભવાર્થન્તુ પરિત્યાગઃ પ્રશસ્યતે".

જેના ઘરમાં પ્રભુ સેવા છે તેનું ઘર માત્ર ઘર ન રહેતા મુક્તિ કે મોક્ષથી પણ અધિક છે. તેને સંન્યાસ લેવાની જરૂર નથી સંન્યાસમાં ત્યાગ અને વૈરાગ્ય બન્નેની આવશ્યકતા છે. વૈરાગ્ય + ત્યાગ = સંન્યાસ, હવે સંન્યાસ એટલે શું?

સં + ન્યાસ = સંન્યાસ, સં=સારી, ન્યાસ = ત્યાગ કરવો.

જેનો સારી રીતે (વૈરાગ્ય પૂર્ણ રીતે) નાશ કરવામાં આવે તે સંન્યાસ છે. વસ્તુની ક્ષુદ્રતાનું જ્ઞાન થાય અને ત્યાગ કરવો અથવા તો નામ-રૂપ-ગુણ અને પ્રભુની લીલાનું જ્ઞાન થાય, તેથી ત્યાગ કરવામાં આવે તો તે ઉત્તમ ત્યાગ છે. સંન્યાસ, વૈરાગ્ય કે ત્યાગ જે કહો તે શ્રીમહાપ્રભુજીના મતે કોઇ માર્ગ નથી પરન્તુ માર્ગમાં જેમ માર્ગ બતાવનારા સાધનો, બોર્ડ, લાઇટ, ફૂટપાથ વગેરે હોય છે તેમ કોઇ આપણું અંતઃકરણ છે. તે માટે કર્મ, જ્ઞાન કે ભક્તિ માટેના સંદર્ભમાં સંન્યાસ નિર્ણયો કહ્યો છે. ત્યાગ છે તે કૌશલ છે અને વૈરાગ્ય છે તે કલા છે. યોગ અને ધ્યાન એ કૌશલ છે, તપ અને જ્ઞાન એ કલા છે.

પરિસ્થિતિને વશ થઇને કરવામાં આવેલો ત્યાગ, પરિસ્થિતિ બદલાતા ફરીથી સ્વીકારવામાં આવે છે. દા.ત. બિમારી આવતા ડૉક્ટર અમુક વસ્તુ છોડી દેવાનું કહે છે. ત્યાગ કરવાનું કહે છે. પરન્તુ બિમારીનું નિવારણ થઇ જતાં છોડી દીધેલું પુનઃ અપનાવવામાં આવે છે. આવો ત્યાગ સ્વૈચ્છિક મન દ્વારા વિષયોને છોડવા માટે હોતો નથી સ્વસ્થ થવા માટે ફરજીયાતપણે આવી પડેલું કર્તવ્ય હોય છે. છોડી દેવું અને છૂટી જવું એ બન્ને ત્યાગમાં મોટો તફાવત છે. બહાર દેખાવમાં આવતો ત્યાગ એ બાહ્ય ત્યાગ છે. પરન્તુ જીવને જ્યારે સત્યનું જ્ઞાન થાય છે. શાસ્ત્રોના અધ્યયનથી જીવ જ્યારે દેહ અને આત્માની ભિન્નતાને સમજે છે ત્યારે દેહ સાથે જોડાયેલા વિષયોનો ત્યાગ કરવાની તેનામાં પ્રબળ વૃત્તિ જ્ઞાનના પરિણામ રૂપે પ્રગટે છે. ઉશ્કેરાટ કે આવેશમાં આવી જઇને ત્યાગ કરવો પડતો નથી. પરન્તુ વિષયોમાં પોતાના રાગભાવ નિવૃત્ત થતા તેનામાં વૈરાગ્ય જન્મે છે. ત્યાર પછી સમજણપૂર્વક થયેલો ત્યાગ અંતઃકરણથી કરે છે જેને આંતર્‌ત્યાગ કહી શકાય. જેને આપણે વૈરાગ્ય શબ્દથી ઓળખીએ છીએ. આવો ત્યાગ અંતઃકરણમાં ઉદ્‌ભવતા જીવ સંન્યાસ તરફ પ્રયાણ કરે છે. આવા સંન્યાસનો નિર્ણય શ્રીઆચાર્યચરણે આ "સંન્યાસ નિર્ણય" ગ્રન્થમાં

બતાવ્યો છે.

ષોડશગ્રન્થમાં ૧૪મા સ્થાને આ ગ્રન્થ છે. શ્રીમહાપ્રભુજી તેમની પ્રથમ યાત્રા દરમિયાન હિમાલયમાં આવેલા બદરિકાશ્રમ તીર્થમાં નરહરિ સંન્યાસી નામના પોતાના સેવક માટે આ ગ્રન્થની રચના કરી હોવાનું મનાય છે. નરહરિ સંન્યાસીએ સંન્યાસ ગ્રહણ કર્યો હતો પરન્તુ શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભક્તિમાર્ગમાં આવ્યા પછી ભક્તિમાર્ગીય સંન્યાસના પ્રકારો જાણવા માટે શ્રીઆચાર્યચરણને વિનંતી કરી ત્યારે શ્રીઆચાર્યજીએ આ ગ્રન્થની રચના કરી તેમને ભણાવ્યો ત્યારે નરહરિ સંન્યાસીના હૃદયમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત સ્થિર થયા. લીલાનો અનુભવ થવાથી સ્વરૂપાનંદમાં મગ્ન બનીને રહેવા લાગ્યા. આ ગ્રન્થમાં કુલ ૨૪ શ્લોક છે જેના દ્વારા શ્રીમહાપ્રભુજીએ ભક્તિમાર્ગીય સંન્યાસનું સ્વરૂપ સમજાવ્યું છે.

વેદમાર્ગ પ્રમાણે સમાજમાં ચાર આશ્રમની વ્યવસ્થા બતાવી છે. તે મુજબ ચોથો આશ્રમ સંન્યાસ છે.

ન્યાસ=ત્યાગ. જેમાં સમજપૂર્વક સારી રીતે સર્વ વસ્તુઓનો સ્નેહીજનોનો મનથી પૂરેપૂરો ત્યાગ કરવામાં આવે છે; તેને સંન્યાસ કહેવામાં આવે છે. ગૃહસ્થાશ્રમ પછી વ્યક્તિએ ત્યાગ તરફ વળવાનું છે. તેના પગલા રૂપે ત્રીજો આશ્રમ વાનપ્રસ્થાશ્રમ છે. વ્યક્તિ ઘર, કુટુંબ વગેરેની આસક્તિમાંથી મુક્ત બનીને વન તરફ પ્રયાણ કરે છે. પ્રભુ ચિન્તનમાં સમય જતા, ત્યાગ વૈરાગ્ય દૃઢ બનતા સંન્યાસ આશ્રમ શરૂ થાય છે. લૌકિક સમ્બન્ધો ઓછા થતા પ્રભુ સાથેનો સમ્બન્ધ મજબુત બનતો જાય છે. પરન્તુ આ ત્યાગ માત્ર બાહ્ય ત્યાગ ન રહેતા આંતરત્યાગ બનવો જરૂરી છે. ભક્તિમાર્ગીય સંન્યાસ આચરવા જેવો છે. જે ભક્તો જ આચરી શકે છે શ્રીગોપીજનોનો ભક્તિમાર્ગીય સંન્યાસ તો તેમના સ્વજીવન વ્યવહારમાંથી સ્વાભાવિક રીતે સ્રવતો રહે છે. તેથી તો તેમને પુષ્ટિભક્તિમાર્ગના ગુરૂ કહ્યા છે.

આ આશ્રમ વ્યવસ્થા સમાજના સુખ માટે ગૃહ-ક્લેશ રહિત જીવન વ્યવહાર માટે છે. બ્રહ્મચારી ઘરે આવીને ગૃહસ્થ બને, તેના પિતા જે ગૃહસ્થ હોય તો થોડા સમયમાં વાનપ્રસ્થ બને, વિદાય થાય વાનપ્રસ્થ (વન તરફનું પ્રયાણ) સંન્યાસમાં પરિણમે. તેથી બે પેઢી વચ્ચેના અંતર (જનરેશન ગેપ) થી સંઘર્ષ ન થાય. પરન્તુ અત્યારની (કાલની) પરિસ્થિતિમાં આવો આંતર ત્યાગ જવલ્લે જ શક્ય બને છે. માટે શ્રીમહાપ્રભુજી વૃથા ત્યાગ કરવાને બદલે સમર્પણનો પ્રકાર કહ્યો છે.

આપણા શાસ્ત્રોના મત પ્રમાણે કર્મ, જ્ઞાન અને ભક્તિમાંથી કોઇ એકની સાથે જ્યારે વૈરાગ્ય પ્રગટ થાય છે ત્યારે સંન્યાસ અને ત્યાગનો વિચાર કરવામાં આવે છે. કર્મ, જ્ઞાન અને ભક્તિના સંન્યાસના મુખ્ય ત્રણ ભેદો અને ઉપભેદો રહેલા છે. ત્યારે તેને ધ્યાનમાં રાખીને આઠ પ્રકારના સંન્યાસનો વિચાર આ ગ્રન્થમાં કરવામાં આવ્યો છે.

સંન્યાસના મુખ્ય ત્રણ પ્રકાર :

(૧) કર્મમાર્ગીય સંન્યાસ
(૨) ભક્તિમાર્ગીય સંન્યાસ
(૩) જ્ઞાનમાર્ગીય સંન્યાસ.

કર્મમાર્ગીય સંન્યાસના બે પ્રકાર :

(૧) કર્મફળ ત્યાગરૂપ સન્યાસ
(૨) ચતુર્થ આશ્રમરૂપ સન્યાસ

ભક્તિમાર્ગીય સંન્યાસના બે પ્રકાર :

(૧) ભક્ત્યર્થ સંન્યાસ
(૨) ભક્ત્યુત્તર સંન્યાસ
૧.ભક્ત્યર્થ સંન્યાસ
-ભક્તિસાધક શ્રવણાદિ નિર્વાહાર્થ
-ભક્તિબાધક ગૃહાદિ ત્યાગાર્થ
૨.ભક્ત્યુત્તર સંન્યાસ
-વિરહાનુભવાર્થ
-પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસક્તિ સ્વભાવ સિદ્ધ

જ્ઞાનમાર્ગીય સંન્યાસના બે પ્રકાર :

(૧) જ્ઞાનાર્થ સંન્યાસ (૨) જ્ઞાનોત્તર સંન્યાસ.

ક્રમશઃ

કરૂણાનું ન્યોછાવર

મહેશભાઇ શાહ - વડોદરા

યમુના મૈયાના ૪૧ પદ વિશેષ જાણીતા છે તે પૈકીનું ૨૧મું પદ શ્રીસૂરદાસજીની કૃતિ છે. એ પદમાં એક કડી આ મુજબ છે: 'સ્વાતિ જલ-બુંદ જબ પરત હૈ જાહીમેં, તાહીમેં હોત તેસો જુ વાનો.' આજે પ્રસ્તુત છે તે અંગે થોડી વાત.

હમણાં જેમની ૧૫૦મી જન્મ જયંતી ઉજવાઇ ગઇ તે શ્રીસ્વામી વિવેકાનંદે કહ્યું છે કે 'જ્યાં તર્કની સીમા પૂરી થાય છે ત્યાંથી શ્રદ્ધાની સીમા શરૂ થાય છે.' આપણી શ્રદ્ધાભરી માન્યતા કહે છે કે સ્વાતિ નક્ષત્રમાં વરસેલું મેઘ બિંદુ વિશિષ્ટ હોય છે. ચાતક પક્ષી માત્ર તેનાથી જ પોતાની તૃષા-તૃપ્તિ કરે છે. જો તે સીપમાં પડે તો મોતી બનશે, વાંસમાં જશે તો વંશલોચન બનશે, સર્પના મોમાં જશે તો હળાહળ ઝેર બનશે તેથી જ અષ્ટ સખા સૂરદાસજી કહે છે કે "પરત હૈ તાહીમેં હોત તેસો જુ વાનો"

શું આ બધું આકસ્મિક જ થતું હશે? ક્યું બિંદુ ક્યાં પડે તે અનિશ્ચિત હોય કે તેની ઉપર કોઇનું નિયંત્રણ હશે? એક આસ્તિક માનવ તરીકે, એક વૈષ્ણવ તરીકે આપણને આમાં બીજું કાંઇ ભાસે છે?

આપણે પણ બિંદુ સૃષ્ટિ જ છીએ. ચોરાસી લાખ યોનિ પૈકી માનવ યોનિમાં આવવા મળ્યું છે. તેમાં પણ પરમ પુનિત પાવક પુષ્ટિમાર્ગમાં સ્થિતિ, વૃત્તિ, મતિ અને ગતિ થયાં છે. આ અનુકૂળતાઓ યોગાનુયોગ હોઇ જ ન શકે. આપણું સામર્થ્ય નથી, યોગ્યતા તો નથી જ નથી, આપણા પ્રભુ પાપ પુણ્યનો હિસાબ કરીને જીવની ગતિ નક્કી નથી કરતા. આ બધું આપણને મળ્યું છે તે માત્ર અને માત્ર પ્રભુની કૃપાના કારણે જ છે. આપણા માર્ગમાં વરણ જ પ્રધાન છે અને તેથી નંદનંદનની અસીમ કૃપા અને શ્રીવલ્લભની કરૂણાનું આ પરિણામ છે.

પ્રભુએ વરણ કરી વિશેષ કૃપા કરી છે એ થઇ સિક્કાની એક બાજુ. બીજી બાજુ શું હોઇ શકે? તમને શું લાગે છે? સ્વાભાવિક રીતે વિશેષ કૃપાની કૃતજ્ઞતા ગણો તો તેમ, અણમોલ લાભની નગણ્ય ન્યોછાવર ગણો તો તેમ, આપણી પણ કંઇક ફરજ બને છે. આપણે કાનાની કલ્પનાતીત **કરૂણાને કૃતજ્ઞતાથી ઉજવવાની છે, ઉમંગ-ઉત્સાહથી ઉજાળવાની છે.**

કોઇ કહેશે આપણે તો પામર જીવો છીએ, કાનાની કરૂણાની કિંમત કરનારા આપણે કોણ? એ બધી આપણા ગજા બહારની વાત છે, આપણે કરી પણ શું શકીએ? ના, એમ પાણીમાં બેસી જવાનું ન ચાલે. આપણે વિશેષ કૃપા પામ્યા છીએ તેથી આપણું વિશિષ્ટ કર્તવ્ય છે કે કરૂણાની અકલ્પ્ય કિંમત સમજીને કૃતજ્ઞતા વ્યક્ત કરવા કંઇક કરીએ. આવી સુંદર સોગાદ સાવ આમ જ રાખી લેવાય?

કમ સે કમ આપણે શ્રીઆચાર્યજીની આજ્ઞા અનુસાર આપણું સર્વસ્વ સમર્પી, હરિ, ગુરૂ, વૈષ્ણવનો દૃઢ આશ્રય રાખી, પ્રભુની તનુ-વિત્તજા સેવા કરતાં કરતાં માનસીનું ફળ પામવા સતત પ્રયત્નશીલ રહીને તેમ કરી શકીએ. જો મન હોય તો માળવે જવાય. આપણે દૃઢ નિર્ણય કરીએ તો પ્રભુની કૃપાથી વલ્લભ કુળનું માર્ગદર્શન, ભગવદીયોનો સત્સંગ જેવી અનેક અનુકૂળતાઓ આપાઆપ આવી મળવાની છે. આપણા માર્ગનું વિપુલ સાહિત્ય પણ હાજર છે જ. ભલે કોહિનૂરનું ન્યોછાવર કોડીથી આપ્યું કહેવાય પણ કંઇક કર્યાનો આત્મસંતોષ તો આપણો જ રહેશેને? અંગ્રેજીમાં કહું તો 'something is better than nothing'.

હવે રાહ નથી જોવી. આવો આજથી જ બલ્કે અત્યારથી જ મક્કમ મનોબળ સાથે શરૂઆત કરી જ દઇએ. સારી શરૂઆત કરીશું તો સિદ્ધિ જરૂર મળશે જ; હા, આરંભે શુરા ન થઇએ તો ! જો આપણે આવું કરી શકીશું તો આ બિંદુ પુષ્ટિ-સીપમાં પડી મોતી બન્યું તે કરૂણા એળે નહિં જાય. આપણે કૃતજ્ઞ થવું કે કૃતઘ્ન તે આપણે જ નક્કી કરવાનું છે.

પુષ્ટિભક્તિમાર્ગીય કીર્તનકારો અને કીર્તનોનું મહત્વ

ચાંદ્રાણી દેવાંગી (જુનાગઢ)



શ્રીઠાકોરજીની અત્યન્ત મનોહર અને લાવણ્યસભર છવિ જ્યારે મન પર અંકિત થાય છે ત્યારે તેમાં રસતરબોળ બનીને જે અલૌકિક શબ્દો પંક્તિઓ રૂપે રચાય છે તે “ધોળ” સ્વરૂપે પ્રકટ થાય છે. જ્યારે શ્રીઠાકોરજીની સાક્ષાત્ લીલાઓનાં પ્રત્યક્ષ અનુભવથી અને શ્રીઠાકોરજી માટેના પરમ અદ્વિતીય સ્નેહથી જે શબ્દોનું જાણતા અજાણતા જ આપોઆપ વર્ણન થઇ જાય એ જ આપણા “પુષ્ટિભક્તિમાર્ગીય કીર્તનો”.

શ્રીઠાકોરજીની નિત્ય નિરન્તર ચાલતી નવીનતમ લીલાઓનાં સાક્ષી બનીને અષ્ટસખાઓએ જે કીર્તનો રચ્યા છે તે તેમની ઉત્તમોતમ અને બેજોડ કૃતિઓ છે અને ન પણ કેમ હોય? જેના ચરણની રજનાં એક કણ માટે પણ ભલભલા તલસતા હોય ત્યાં જો એ જ રજાચ્છાદિત ચરણો સમગ્ર અંગો સાથે ખોળા માં આવીને સમાઇ જાય તો પછી અષ્ટસખાઓનાં મનમાં પ્રકટ થતી અનિવર્ચનીય ઉર્મિઓ તેમના મુખેથી અલૌકિક કીર્તનો રૂપે સરી જ પડે ને !

શ્રીનાથજીનાં અંતરંગ અષ્ટસખાઓમાંથી કુંભનદાસજી સાથેનો એક પ્રસંગ અત્યન્ત મનોહરછે.

એક દિવસ કોઇ અનન્ય ભકિતભાવવાળા ભક્તે શ્રીનાથજીને ખૂબજ સ્નેહપૂર્વક ભોગ ધર્યો. માટે શ્રીનાથજી ત્યાં ભોગ આરોગવા પધાર્યા, પણ સામગ્રી સાવ ઓછા પ્રમાણમાં હોવાથી શ્રીનાથજી ભૂખ્યા રહ્યા અને પહોંચી ગયા સીધા કુંભનદાસજીનાં ખેતરે તેમના ભાથામાંથી આરોગવા માટે. કુંભનદાસજીનાં ભાથામાંથી શ્રીનાથજીએ બેજરની રોટી અને ટેટીનું શાક આરોગ્યું જે તેમને છપ્પનભોગ કરતાં પણ વધારે મિષ્ટ લાગ્યું. કારણ કે તેમાં તેમનાં અનન્ય ભક્તનો વાત્સલ્યભાવ પણ મળેલો હતો. કુંભનદાસજી જમણા હાથે શ્રીનાથજીને આરોગાવતા જાય અને ડાબા હાથે શ્રીનાથજીનાં કપોલ અને મસ્તક પર વહાલ કરતા જાય. સ્વામી અને સેવક બન્નેની પાંપણો પ્રેમાશ્રુથી ભીની થઇ ગઇ. કુંભનદાસજી એક કોળિયો શ્રીનાથજીનાં મુખમાં મૂકે અને શ્રીનાથજી ખોળામાં બેઠા બેઠા ઉંચું જોઇને કુંભનદાસજીનાં મુખ તરફ સ્નેહસભર નયનોથી તાક્યા કરે. દરેક કોળિયા પછી કુંભનદાસજી શ્રીનાથજીને છાશનો ઘુટડો ભરાવે. છાશ પીધા પછી ઓષ્ટ પર છાશની લીટી બાઝી જાય એ કુંભનદાસજીની બંડીની બાંયથી શ્રીનાથજી લૂંછતા જાય.

કુંભનદાસજી શ્રીનાથજીનાં અત્યન્ત પ્રિય સખા હતા. ક્યારેક કુંભનદાસજીને ઉદાસ જોઇ શ્રીનાથજી પોતે પણ ઉદાસ થઇ જતા, ઘણીવાર શ્રીનાથજી પળવાર માટે પણ કુંભનદાસજીથી દૂર જતા તો કુંભનદાસજી અત્યન્ત ભાવવિભોર બની જઇ શ્રીનાથજીને વિનંતી કરતાં કે “લાલા મારા નયનોથી તું કયારેય દૂર ન થતો. મને તારો પળવારનો વિયોગ કલ્પ (અનેક યુગોનો સમૂહ) જેવો લાગે છે. હું જયાં સુધી જીવું ત્યાં સુધી તને જ જોઉ..., અન્ય કોઇ પર મારી દૃષ્ટિ જ ન પડે કે મનથી પણ અન્યનો વિચાર ન કરું. સતત તારા જ સુખનું ચિન્તન કરું. તું જ મારો પ્રાણપ્રેષ્ઠ છો અને તું જ મારા સર્વ દુઃખોનો હરનારો

છો. માર હૃદયરૂપી ઘરમાં સદાય તારો વાસ રાખજે. તારા વગર હું બીજા કોનો સંગ કરું કે બીજા કોને મારા નયનોમાં આંજુ ?”

શ્રીનાથજી પણ કુંભનદાસજીના નિઃસ્વાર્થ ભાવને જાણી તેમને ગળે વળગી પડતા, યુગો યુગો સુધી જેનાં દર્શનની ભલભલા ઋષિઓ અને તપસ્વીઓ ઝંખના કરતાં હોય અને એ જ પોતાના બાહુપાશમાં ભિંસી નાખે અને અલૌકિક સુખની પ્રાપ્તિ કરાવે તો એ ભક્તને હવે બીજી શી લૌકિક કામના હોય ? કુંભનદાસજીને પોતાના અનન્ય ભક્તિભાવનાં ફલસ્વરૂપે સર્વ કંઇ મળી ગયું.

આવું શ્રેષ્ઠ ફલ કુંભનદાસજીને પોતાના શ્રીઠાકોરજી પ્રત્યેના વિશુદ્ધ અને અતિ ઉત્તમ ભાવને લીધે જ પ્રાપ્ત થયું. તેઓ શ્રીઠાકોરજી માટે અનન્ય અને અસીમ સ્નેહ ધરાવતા હતા. તેથી જ તો તેઓ કોઇપણ પ્રસંગનું આબેહુબ વર્ણન તત્કાલ કીર્તનની રચના કરી તેમાં પ્રકટ કરતા. તેમનાં આવા વિશુદ્ધ ભાવથી શ્રીનાથજી તેમના પર અત્યન્ત પ્રસન્ન રહેતા.

પુષ્ટિમાર્ગીય કીર્તનો એ અષ્ટસખાઓની બેજોડ કલાકૃતિઓ છે. કારણ કે તેમાં શ્રીઠાકોરજીની લીલાઓને સાક્ષાત્ વર્ણવવામાં આવી છે. આપણા અહોભાગ્ય છે કે આ લીલાઓને જાણવાનું અને સમજવાનું આપણાથી અંશ માત્ર પણ બની રહીએ એ માટે પુષ્ટિભક્તિમાર્ગીય કીર્તનસંગ્રહો આપણી પાસે બિરાજમાન છે. શ્રીઠાકોરજી ; કીર્તનગાનથી અત્યન્ત પ્રસન્ન રહે છે. રૂપા પોળિયાનાં કીર્તનો પણ શ્રીઠાકોરજીએ રાગ અને સ્વર વિનાના હોવા છતાં અંગીકાર કર્યા હતા, કહેવાનું તાત્પર્ય એટલું જ કે શ્રીઠાકોરજી હંમેશા પ્રેમને વશ થઇને રહે છે નહિ કે જ્ઞાન કે પંડિતાઇને. તો આપણે પણ શ્રીઠાકોરજી સુખમય રીતે બિરાજે તે માટે અનન્ય ભક્તિભાવથી કીર્તનગાન કરવું જોઇએ.

શ્રીમદ્‌ભાગવતચિન્તન

વિમલભાઇ એમ. ભટ્ટ, તાલાલા

શ્રીમદ્‌ભાગવતમાં સૂતજી કહે છે કે –

स वै पुसां परो धर्मो यतो भक्तिरधोक्षजे ।
अहैत्युक्यप्रतिहता ययात्मा सुप्रसीदति ।।
(१–२–६)

અર્થઃ મનુષ્યનો સર્વશ્રેષ્ઠ ધર્મ એ જ છે કે જેનાથી અધોક્ષજ (ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી પર) ભગવાનમાં અહૈતુકી અને અપ્રતિહત (જેનો ક્યારેય નાશ ન થાય) તેવી ભક્તિ ઉત્પન્ન થાય, જેનાથી આત્મરૂપ ભગવાન અત્યન્ત પ્રસન્ન થાય છે.

સૂતજીના આ વચનથી એવું જણાય છે કે ભગવાનને પ્રસન્ન કરવા માટેનું કોઇ સાધન જો હોય તો તે ભગવાનની ભક્તિ છે. આ શ્લોકમાં ભગવાનની ભક્તિનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. ભગવાનને કેવી ભક્તિ પ્રસન્ન કરી શકે ? તો કહે છે કે ‘અહૈતુકી’ ભક્તિ. જે ભક્તિ કરવા પાછળ ભક્તનો કોઇ હેતુ ન હોય.

શ્રીમહાપ્રભુજી આ શ્લોક પરના સુબોધિનીજીમાં સમજાવી રહ્યા છે કે અહીં જે ભક્તિ તરફ સંકેત છે તે અધોક્ષજ ભગવાનમાં ભક્તિની પ્રાપ્તિ માટેનો છે. અધોક્ષજ એટલે જે ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી પર છે, તે ભગવાન લૌકિક ઇન્દ્રિયોનો વિષય નથી. લૌકિક ઇન્દ્રિયોના વિષયમાં રૂચિ ઉત્પન્ન તો કામાદિથી થાય છે. જ્યાં કામના છે ત્યાં હેતુ રાહિત્ય પણ રહેતું નથી ભગવાનમાં આ રીતે કામના સહિત સાધનરૂપ ભક્તિ જો ફલની આકાંક્ષાથી કરવામાં આવે તો એ ભક્તિ ધર્મરૂપ રહેતી નથી. ધર્મ એ જ છે જે ભગવાનમાં અહૈતુકી ભક્તિ સિદ્ધ કરાવે. આ જ ભક્તિનું બીજું સ્વરૂપ બતાવતા કહે છે કે એ ‘અપ્રતિહત’ છે એટલે કે એ ક્યારેય દુઃસંગાદિ દોષોથી નાશ નથી પામતી. આવી ભક્તિને પ્રાપ્ત થયેલો જીવ ક્યારેક દુઃસંગ આદિ દોષોમાં પ્રવૃત થઇ જાય છે તો પણ તેની ભક્તિ નાશ ન પામે એ અપ્રતિહત ભક્તિ છે. આ રીતે ભક્તિ અહૈતુકી અને અપ્રતિહત સ્વરૂપ યુક્ત હશે તો એવી ભક્તિનું ફલ અંતઃકરણના સાક્ષી ભગવાનની પ્રસન્નતા રૂપે પ્રાપ્ત થશે અને ભગવાનની અત્યન્ત પ્રસન્નતામાં જ જીવની અંતઃકરણની પ્રસન્નતા છે. જેના દ્વારા જીવને આનંદાનુભૂતિ થાય છે. માટે જીવે એવા ધર્મનું આચરણ કરવું જે ભગવાનમાં અહૈતુકી અને અપ્રતિહત ભક્તિની સિદ્ધિ કરાવે.

શ્રીવલ્લભની દિવ્ય વાણી

બચુભાઇ-મોટાગુંદાળા

આપણા પ્રાણ પ્યારા મધુરા શ્રીવલ્લભ પાંચ વર્ષના થયા હતા ત્યારે શ્રીલક્ષ્મણભટ્ટજીએ શાસ્ત્રોક્ત વિધિથી તેમને યજ્ઞોપવિત આપ્યું ત્યારે મોટો ઉત્સવ થયો હતો. હવે શ્રીબાળવલ્લભ નિત્ય પિતાજી નિત્યકર્મ કરતા ત્યારે તેમની સન્મુખ બેસતા અને યજ્ઞાદિ ક્રિયાઓ અને પાઠાદિ સાંભળતા. એક દિવસે શ્રીલક્ષ્મણભટ્ટજી અગ્નિહોત્ર હોમ કરી રહ્યા હતા. ત્યારે બાળક શ્રીબાળવલ્લભે પોતાના પિતાજીને કહ્યું કે આપે ઘણા દિવસ ધુમમાર્ગ સેવ્યો. હવે તો શ્રીહરિનું ચરણ શરણ લઇ ભગવદ્ભજન કરો કે જેથી શ્રીહરિ પ્રસન્ન થઇ હૃદયમાં વાસ કરે.

શ્રીલક્ષ્મણભટ્ટજી દીક્ષિત કુટુમ્બમાં જનમ્યા હતા તેથી યજ્ઞાદિક ક્રિયામાં તેમને સ્વાભાવિક રસ હતો તેમણે જ્યારે નાના વલ્લભના ઉપર કહેલા વચન સાંભળ્યા ત્યારે આશ્ચર્ય પામ્યા અને કહ્યું કે 'વત્સ ! તને જનોઇ આપ્યાનાં થોડા માસ વિત્યા છે અને અભ્યાસ પણ બરાબર શરૂ થયો નથી તે પહેલા કર્મ માર્ગ કરતાં ભક્તિમાર્ગનો ઉત્કર્ષ બતાવતાં વચનો કેમ કહી રહ્યો છે !'

ત્યારે શ્રીબાળવલ્લભ કહેવા લાગ્યા કે 'પિતાજી, હું જે કંઇ બોલ્યો છું તે મારા સ્વ વિચારથી બોલ્યો નથી પરન્તુ આપની પાસેથી સાંભળીને બોલ્યો છું.' ત્યારે શ્રીલક્ષ્મણભટ્ટજીએ કહ્યું કે 'મારી પાસેથી તમે એવું શું સાંભળ્યું છે તે કહો' તેથી શ્રીવલ્લભ બોલ્યા કે 'આપ ભગવદ્ સ્વરૂપ શ્રીભાગવતનો નિત્ય પાઠ કરો છો તેમાંનો એક શ્લોક હું સાંભળું છું કે દાન વ્રત તપ હોમ ગાયત્રી આદિના જપ વેદાધ્યયન મન અને ઇન્દ્રિયોનું દમન તથા તેવાં જ બીજા સાંખ્ય યોગ વગેરે સાધનોથી શ્રીહરિની ભક્તિ સાધવી જોઇએ અને વળી, તે જ ગ્રન્થમાં કહેવામાં આવ્યું છે કે શ્રીહરિ દાનથી, તપથી, યજ્ઞયાગાદિકથી પવિત્રતાથી અને વ્રતાદિક કરવાથી પ્રસન્ન થતા નથી પરન્તુ નિર્મળ ભક્તિથી જ પ્રસન્ન થાય છે માટે ભક્તિ વિના બીજું જે કંઇ કરવું તે એક વિડમ્બન(પરિશ્રમ) છે વળી, આપ શ્રીગીતાજીનો પાઠ કરો છો તેમાં ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે જે રીતે તે મારા દર્શન કર્યા તેવા દર્શન હું ચાર વેદોથી તપથી, દાનથી, યજ્ઞયાગાદિકથી મારા દર્શન થવા શક્ય નથી પણ અનન્ય ભક્તિથી જ મને જાણી શકાય છે, મારા દર્શન થઇ શકે છે અને મારી લીલામાં પ્રવેશ થાય છે.' શ્રીવલ્લભના આવા ગંભીર અને તત્ત્વદર્શનનાં વચનો સાંભળી શ્રીલક્ષ્મણભટ્ટજીએ પોતાનું મન યજ્ઞાદિક કર્મોમાંથી વાળી શ્રીકૃષ્ણભક્તિમાં પરોવ્યું. ત્યારથી બાલ શ્રીવલ્લભની તેજસ્વી ધારણાશક્તિ માટે તેમને માન થયું. વળી, પ્રયાગમાં શ્રીલક્ષ્મણભટ્ટજીની પવિત્રધર્મ પરાયણ ભક્ત અને પંડિત તરીકેની ખ્યાતિ સારી હતી. આથી એમને ત્યાં અનેક પંડિતો, સાધુઓ અને સજ્જનો મળવા આવતા તેઓ બધા ભટ્ટજી સાથે શાસ્ત્રચર્ચા કરતા. ચર્ચામાં જ્યારે તેઓ ગુંચવાઇ પડતા ત્યારે શ્રીવલ્લભ પોતાનું ચિત્ત ચર્ચામાં નથી એવો દેખાવ કરી શ્રીભાગવતમાંનો એકાદ શ્લોક બોલતા આ શ્લોક સાંભળી પંડિતોની મુંજવણ ઉકેલાઇ જતી. આથી તેઓ આનન્દમાં આવી 'શ્રીવલ્લભ મહાપુરૂષ છે' એમ બોલી ઉઠતા આવી રીતે શ્રીલક્ષ્મણભટ્ટજીને પુત્રની અલૌકિક બુદ્ધિના દર્શન થવા લાગ્યા અને તેમના જ્ઞાનથી આનન્દ આશ્ચર્ય પામવા લાગ્યા.

શ્રીમહાપ્રભુજીએ પ્રથમ યાત્રા કરી ત્યારે લોકોના પરિચયમાં ઠીક ઠીક આવ્યા હતા. વળી, વ્રજમાં વસતા તેઓએ વ્રજવાસીઓના હૃદયમાં ભક્તિના અંકુર જોયા પણ તેની સાથે જ્ઞાન અને વૈરાગ્યના દર્શન એમને થયાં ન હતા લોકોમાં નીતિની શિથિલતા વિશેષ હતી સાથે સાથે ધર્મના તત્ત્વની

કોઇને સમજ ન હતી. આવા સમાજ આગળ કેટલાક સન્ન્યાસીઓ અને સાધુઓ; જીવનનું પરમ લક્ષ્ય જ્ઞાન છે તે માટે સંસાર ત્યજી દેવાનો ઉપદેશ કરતા હતા. જ્યારે કેટલાક સાધુઓ તપ ઉપર ભાર મૂકી ઉપવાસ દ્વારા ઇન્દ્રિયો પર વિજય મેળવવાનો ઉપદેશ આપતા હતા અને સાધુ થવાનું કહેતા હતા. આવા બે જાતના ઉપદેશથી સામાન્ય જનતાને કંઇ સમજ પડતી નહિં અને જે થોડા સમજતા તેઓમાંથી પણ ઘણાથોડા જ્ઞાન ને સાધ્ય કરી શકતા. વળી, આ ઉપદેશથી ઘણા ક્મ અક્કલવાળા આવેશથી ઘરબાર છોડી દેતા અને સંન્યાસી કે સાધુ બનતા પણ તે ધર્મ ન પાળતા અધર્મને રસ્તે ચડી જતા હતા.

આવી સ્થિતિ લોકસમાજની હતી. દેશમાં બધે પાખંડનું રાજ્ય હતું સાથે સાથે મ્લેચ્છ લોકોનો ત્રાસ હતો. ગંગાજી જેવા પવિત્ર સ્થળોમાં અસાધુ પુરૂષો વસતા હતા અને કહેવાતા સાધુ પુરૂષો અહંકારી બની ગયા હતા આવી સ્થિતિમાં પ્રજાને સાચી સમજ આપતું સત્ સાહિત્ય રચવાની શ્રીવલ્લભને જરૂર લાગી. આ સત્ સાહિત્ય રચવા માટે તેઓશ્રીએ વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો અને શ્રીભાગવતનો આધાર લીધો. સૌથી પહેલા આપશ્રીએ તત્ત્વદીપનિબંધમાંનો શાસ્ત્રાર્થ પ્રકરણ નામનો ગ્રન્થ લખ્યો. તેમાં શ્રીવલ્લભે સ્પષ્ટ રીતે જીવનમાં કોઇ જાતના ઉપયોગ વિનાના અને પોપટીયા જ્ઞાનની અવહેલના કરી એની સાથે કોઇ જાતના હેતુ વગરના તપની નિરર્થકતા બતાવી. વળી, જયાં સુધી સાચો વૈરાગ્ય ઉત્પન્ન ન થાય ત્યાં સુધી ઘર છોડવું નહિં. પણ ઘરમાં રહી ભગવાનની સેવા-ભક્તિ કરવી એમ જણાવ્યું વળી, જે માયાવાદી પંડિતો જગત મિથ્યા છે. જીવ માયાની કૃતિ છે એમ પ્રચાર કરી રહ્યા હતા. તેઓને સૌથી પહેલા શ્રીવલ્લભે પડકાર કર્યો અને કહ્યું કે 'જગત અને જીવ પરમાત્મામાંથી આવેલા છે, પરતત્ત્વના અંશો છે એટલે જીવ માત્ર ભગવાનના અંશો છે તેથી કોઇપણ દુઃખી જીવની સેવા એ પણ ભગવાનની સેવા છે. કોઇપણ જીવને દુભાવનાર ભગવાનને દુભવે છે. તેથી જીવે કોઇનો પણ તિરસ્કાર ન કરવો પણ ભગવાનની સેવા દ્વારા સૌ જીવોનું કલ્યાણ ઇચ્છવું આ સાચું જ્ઞાન છે અને ભગવાનની ભક્તિ એ સાચું તપ છે. સંસારમાં રહી દરેક સ્ત્રી-પુરૂષ, ભાઇ-બહેન, માતા-પિતા સૌએ ભેગા મળી ભગવાનની સેવા કરવાની છે. ઘરને ભગવાનનું મંદિર બનાવવું. લૌકિક વાતો કરી નકામો સમય ગુમાવવો નહિં. જે કંઇ દુઃખ પડે તે ભગવાનની ઇચ્છાથી થાય છે એમ માની સહન કરવું તથા સમજાય ન સમજાય એવી સર્વ વસ્તુ પ્રભુની ઇચ્છાથી બને છે એવો વિવેક રાખવો. આ શ્રીવલ્લભ પ્રભુનો ઉપદેશ છે. અને આ ઉપદેશને તેઓએ જુદા જુદા ગ્રન્થોમાં ઉપદેશ્યો છે.

શ્રીગોકુલનાથજીકે વચનામૃત

પ્રેષકઃ ક્રિષ્નાબેન મારવાણીયા - મોરબી

વચનામૃત - ૫ મોં

અબ શ્રીગોકુલનાથજી કલ્યાણભટ્ટ પ્રતિ વૈષ્ણવનકોં પાંચમો લક્ષણ કહત હે. જો વૈષ્ણવ હોય કે એક શ્રી ભગવાનકો હી આશ્રય જાને. ઓર ભગવદ્સેવા વિષે એકાગ્ર ચિત્ત રાખે, પરમ ફલરૂપ જાનેં, ઓર લૌકિક વૈદિકમેં મનકી ચંચલતા ન રાખે. ઓર શ્રીજીકોં સ્વરુપ શ્રીભાગવતમેં તથા પુષ્ટિમાર્ગીય ગ્રન્થનમેં કહ્યો હે, સો તિનકો દર્શન કરી ધ્યાન હૃદયમેં રાખે. જેસે ભગવદ્નામ સ્મરણ કરે. તેસે હી અપને ગુરુ કે નામકો હૃદયમેં સ્મરણ જપ કરે. ભગવદ્ કટાક્ષ. અંગ, વસ્ત્ર, આભરણમેં અપનો મન લગાયકે ચિંતવન કરે, તથા અનેક લીલા હે તિનકો ચિંતવન કરે. ઓર ભગવદ્નામ વિના જો ક્ષણ જાય તો હૃદયમેં ઉસાસ લે કે તાપ કરે. ઓર અસ્પર્શમેં સ્નાન કરી, ચરણામૃત તથા શ્રીયમુનજીકી રજ મુખમેં મેલે, દોઉ નેત્રનસોં લગાય માથે ધરે હૃદયસોં લગાવે, તબ અલૌકિક દૃષ્ટિ હોય, તબ ભગવદ્ધર્મ માથેં બિરાજે, તબ હૃદય શુદ્ધ હોય, ઓર ભગવદ્ મંદિરમેં જાય તો છોટી મોટી સેવા અપનો ભાગ્ય માનિકેં કરે, પાત્ર માંજે, મંગલભોગ ધરિ સજ્યા ફેરિકેં સમારેં, મંગલ આરતી કરી, તિથિ વાર ઉત્સવ દેખિ અભ્યંગ કરાવે, ઓર જેસો સ્વરૂપ તેસો પુષ્ટિમાર્ગ અનુસાર, તિથિ, ઋતુકે અનુસાર સિંગાર કરે, ઓર સેવા સિંગાર વિશે ચિત્તકો ઉદ્વેગ સંકલ્પ વિકલ્પ ન કરે. ઓર અપને મનમેં અપરાધકો ભય રાખે. શ્રીમહાપ્રભુજીકી કૃપાતેં અપનો ભાગ્ય જાનિકે સેવા કરે. મંગલા, રાજભોગ, ઉત્થાપન, શેન કરાય સાંકર, તારો લગાય, વસ્તુ સામગ્રી કી ચોકસી રાખેં, પાછેં રાત્રિકો વૈષ્ણવનસોં મિલિકે ભગવદ્વાર્તા કીર્તન અવશ્ય કરનો. ઓર કોઇ વૈષ્ણવ ન મિલે તો, એતન્માર્ગીય ગ્રન્થનકી ટીકા દેખે. એતન્માર્ગીય વૈષ્ણવનમેં જાયકે વાર્તા કરે, સુને. જેસે સેવામેં આલસ્ય ન કરે તેસે વૈષ્ણવ મિલાપમેં આલસ ન કરે. દોઉ હોય તબ ભક્તિ બઢે. જો ભગવદ્ સેવા ન બને તો હુ વૈષ્ણકો સંગ ન છોડે. તો દૈન્ય હોય. યા પ્રકાર શ્રીગોકુલનાથજી વૈષ્ણવસોં આજ્ઞા કિયે.

ઇતિ શ્રીગોકુલનાથજીકે પંચમ વચનામૃત સંપૂર્ણમ્.

વચનામૃત - ૬ ઠ્ઠો

અબ શ્રીગોકુલનાથજી છઠ્ઠો લક્ષણ કહત હેઃ જો વૈષ્ણવકૂં સેવા, ભગવદ્સ્મરણ, ભગવદ્ધર્મ ઇનમેં પાખંડ ન કરનો. ઓર કાહુકે દિખાયવેકે અર્થ, પૂજા અર્થ, ઉદ્ધારાર્થે ન કરે. આપનો સહજ ધર્મ જાનેં, જેસે બ્રાહ્મણ ગાયત્રી જપે. લાભ સંતોષસુ સેવા કરે. "એક કાલો દ્વિકાલો વા" ઓર વિવેક વિના પૂજા સેવા કરે તો નર્કમેં પડે, ઓર પાખંડીકી પૂજા, સેવા, પ્રભુ અંગીકાર ન કરે. યા પ્રકારસોં શ્રીગોકુલનાથજી કલ્યાણભટ્ટ પ્રતિ કહેહેં.

ઇતિ શ્રીગોકુલનાથજી કૃત છઠ્ઠો વચનામૃત સંપૂર્ણમ્.

વચનામૃત - ૭ મોં

અબ શ્રીગોકુલનાથજી કલ્યાણભટ્ટ પ્રતિ વૈષ્ણવનસોં સપ્તમો વચનામૃત કહત હેઃ- જો વૈષ્ણવ હોય કે કાહુકો અપરાધ ન દેખે અથવા સુને નહીં. યદ્યપિ કાનનસોં સુને ઓર આંખનસોં દેખે પરન્તુ મનમેં રંચકહુ ન લાવે. યહ જાને જો મેં માયાવાદ રૂપી અવિદ્યા મેં પર્યો હું. સો મોકોં દોષ દીસત હે. ઇનમેં રંચક હુ દોષ નાહીં હેં. ઉત્તમોત્તમ દેખે. મધ્યમ દેખકેં કહેં. દુષ્ટ જુઠી સાચી લગાય ઈર્ષા કરે. કોઇસો ખોટો કામ કરેં. અપરાધ કરે તો હુ વાકો ભૂલિ જાય. વાકો પ્રસન્ન કરિકે સંકોચ છુડાવનો. ભલો કાર્ય હોય સો ગુણકો પ્રકાશ કરેં. યા પ્રકાર ચલે તો પ્રભુ કૃપા કરિકેં અપની ભક્તિકો દાન કરેં. સો યા પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત કહતહેં.

ઇતિ શ્રીગોકુલનાથજી કૃત સપ્તમ્ વચનામૃત સંપૂર્ણમ્.

વ્યક્તિત્વ વિકાસના સોપાનો

કમલ સેજપાલ - જૂનાગઢ

આજ કાલ જયાં પણ જોઇએ ત્યાં પ્રત્યેક માણસ હંમેશા ખૂબ સારી રીતે સુખી થાય તેવી ચાવીઓની શોધખોળમાં જોવા મળતો હશે. તેને ખબર પણ છે કે આ ચાવીઓ કઇ કઇ છે. કોઇપણ ધર્મસભામાં સ્વામીજીઓ આવી ચાવીઓ આપતા જ હોય છે તે વખતે આપણે આનન્દથી આ વાતને વધાવી અને તાળીઓના ગળગળાટ થી ઝુમી ઊઠીએ છીએ પણ તે ચાવીઓ કમર પરથી વપરાસમાં આવતી જ નથી. એ જ જુની ચાવીઓથી જીન્દગી જીવવાનો પ્રયત્ન કર્યા કરતાં હોય છે અને દુઃખી થયા કરતા હોય છે. આવી જ ખોવાયેલી ચાવીઓ માંથી એક ચાવી એ છે કે પરિવર્તનને સ્વીકારવું જીવનમાં આવતા ફેરફારને સ્વીકારીને આગળ વધતા રહેવું. આ ફેરફારને બરાબર સ્વીકારીએ નહિં કે જીવનમાં ઉતારીએ નહિં તો તે દુઃખની ચાવી બની જાય છે. સાથે સાથે પોતે તો દુઃખી થાય છે પરન્તુ આસપાસના લોકોને પણ દુઃખી કરે છે.

જીવનમાં ઉંમરના ફેરફારને સૌપ્રથમ સ્વીકારવો પડતો હોય છે. દા.ત. મહાન ક્રિકેટર સચીન તેંડુલકર ભલે મહાન ખેલાડી હોય, પરન્તુ અમુક ઉંમર પછી પહેલા જેવી રમતની સ્થિતિ હોતી નથી. આપણે પણ આપણી ઉંમરની સાથે થતા બદલાવ, ફેરફારને સ્વીકારવા પડે. ભગવાને આપણને એવા બનાવ્યા છે કે આપણે મનથી ક્યારે પણ ઘરડા થતા નથી. પણ શરીરથી ઘરડા થઇએ છીએ. પાછું એવું પણ થાય છે કે મન બાળક નથી રહેતુ, યુવાનીનું જ રહે છે. આણી કોઇપણ ઉંમરે મનની આશા, ઇચ્છાઓ, સ્વભાવ તો યુવાનીમાં હોય તેવો જ રહે છે. હજુ પણ જ્યારે ઉંમર લાયક વ્યક્તિઓ ભેગા થાય છે, ત્યારે જો તેઓ હસતાં હશે તો તે પણ યુવાનીની વાતો યાદ કરીને જ હસતાં હશે.

જો દુઃખી ન થવું હોય તો ઉંમરની સાથે થતાં ફેરફારને જીવનમાં ઉતારીએ જે પરિવર્તન થયેલ છે. તે સ્વીકારીને જ ચાલીએ તો જ જીન્દગી આનન્દ દાયક અને દુઃખ વગરની હશે. જેમ દિવસ પછી રાત્રિ, સૂર્ય પછી ચંદ્ર અને ફરી સૂર્ય ઉગવાનો જે ઘટના ક્રમ છે. તે જ રીતે બાળક યુવા અવસ્થા અને વૃદ્ધાવસ્થા દરેકને આવવાની જ છે. તે કુદરતી ક્રમ છે. તેને વાસ્તવિક રીતે જોવો, જીવો અને માણો.

ઉપરોક્ત બધી જ વાત સાચી હશે પણ આપણે તો "શ્રીવલ્લભને અનુસરનારા અમે તો વૈષ્ણવ બાલ છીએ ન્યારા.." આપણા બધામાં આ ભાવ ચોક્કસ હોવો જોઇએ. નવા વર્ષની દરેકને ખૂબ શુભકામનાઓ સાથે એક નિશ્ચય કરીએ કે અમારા ગામમાં , શહેરમાં "શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા" જો ન હોય તો શરૂ કરીએ. અને ગોશાલાના કાર્યમાં વિશેષ રૂચિ સાથે આગળ વધીએ આ બન્ને કાર્યમાં ક્યારે પણ આપણને ઉંમરનો બાધ નડવાનો નથી તો નવા વર્ષે આ દિશામાં મક્કમતા પૂર્વક આગળ વધવાના પૂર્ણ પ્રયત્નો સાથે નવા વર્ષની મંગલકામના....

"પરિવર્તનને પ્રેમનું પ્રતીક બનાવો,
પ્રવૃત્તિ આપ મેળે થતી જ રહેશે."

પુષ્ટિસંસ્કાર વાંચક વૈષ્ણવ...

ગત માસ એટલે કે આક્ટોબર નું પુષ્ટિસંસ્કાર માસિક; **યાંત્રિક** ખામીને લઇને મોડું પ્રકાશિત થયેલ હતું. તે બદલ દર-ગુજર કરશોજી.

-તન્ત્રી

આયુર્વેદ ઉપચાર

જ્વર

ડૉ. જલ્પા સી.રામાણી

સામાન્ય ભાષામાં જ્વરને તાવ (Fever) કહે છે. આ જગતમાં એકેય માણસ એવો નહી હોય જેને તાવ ન આવ્યો હોય. આ જગતમાં જેટલા વ્યાધિઓ છે તે બધામાં જ્વર સર્વ કરતા પ્રધાન અને પ્રાચીન વ્યાધિ છે. મહર્ષિ ચરક કહે છે કે જ્વર દેહ, ઈન્દ્રિય અને મન એ સર્વેને પીડા કરનાર, શરીરના સર્વ અવયવોનો ક્ષય કરનાર અને સર્વ પ્રાણીઓનો શત્રુરૂપ છે. જ્વર જેવો દારૂણ પીડા કરનાર, ઘણા ઉપદ્રવોવાળો અને સહેલાઈથી ચિકિત્સા ન થઈ શકે એવો રોગ બીજો કોઈ નથી. આથી જ જ્વરને રોગોનો રાજા કહેલો છે. જ્વરની ઉત્પત્તિ શી રીતે થઈ તે વિશે ચરકસંહિતામાં એક પૌરાણિક કથા કહેવામાં આવી છે. પૂર્વે દક્ષપ્રજાપતિએ પોતાના યજ્ઞમાં રુદ્રને ભાગ ન આપ્યો અને શૈવી આહુતિથી હીન એવો યજ્ઞ કર્યો. ભગવાન રુદ્ર આ અપમાનથી કોપાયમાન થયા અને ક્રોધાગ્નિરૂપી બાળક વીરભદ્ર ઉત્પન્ન કર્યો. આ બાલસ્વરૂપ વીરભદ્રે દક્ષના યજ્ઞનો નાશ કર્યો. દેવતાઓએ રુદ્રની ખૂબ સ્તુતિ કરી, એટલે રુદ્ર જયારે શાંત થયા ત્યારે ક્રોધાગ્નિએ હાથ જોડીને વિનંતી કરી કે, 'ભગવાન મારે હવે શું કરવું ?' ત્યારે રુદ્રે તેને આજ્ઞા કરી કે 'તુ લોકમાં જન્મના આદિ સમયે, મરણ સમયે તથા પ્રાણીઓના જુદા-જુદા અપચારોમાં (અપથ્યસેવન રૂપ) જ્વરરૂપે ઉત્પન્ન થઈને રહે.' આ પ્રમાણે જ્વરની પ્રથમ ઉત્પત્તિ થઈ. આ ઉપરાંત જ્વરની પ્રવૃત્તિ પરિગ્રહથી એટલે પારકા ધન લઈ લેવા વગેરે અધર્મના કારણોથી પણ થાય છે. આચાર્ય ચરકે જ્વરના કારણોમાં અતિ વ્યાયામ, ઝાડો- પેશાબ વગેરેનો વેગ અટકાવી રાખવા, ઉપવાસ, અભિઘાત (શસ્ત્ર, લાકડી વગેરેનો ઘા અથવા માર), અભિષંગ (કામ, ક્રોધ, ભય, શોક), અભિચાર, અભિશાપ, અતિજાગરણ, અનિયમિત ભોજન, અપથ્ય ભોજન વગેરે કહ્યા છે. આ ઉપરાંત વિષમજ્વર કે, જેને આપણે મેલરિયા કહીએ છીએ તે ખાસ પ્રકારના મચ્છરના કરડવાથી થાય છે. ટાઈફોઈડ, ન્યૂમોનિયા, ફ્લુ, વગેરે આધુનિક નામથી ઓળખાતા જ્વર એ શાસ્ત્રાનુસાર વાત, પિત્ત, કફ ત્રણેયથી થતા સન્નિપાત જ્વર છે. ડેન્ગ્યુ એ ખાસ પ્રકારના મચ્છરથી ઓછા સમયમાં અને મારકરૂપમાં થતો દંડક જ્વર છે. ઓરી, અછબડા વગેરેમાં શરીરમાં પિડકા (ફોડકી)ની સાથે જ્વર આવે છે તે પિડકામય જ્વર છે. આ ઉપરાંત કેટલીક વખત જ્વર અમુક રોગોના ઉપદ્રવ તરીકે થતો પણ જોવા મળે છે.

સંસારનું કોઈ પણ પ્રાણી એવુ નથી કે જે જ્વર આવતા તપતું ન હોય, એટલે જ્વર આવતા શરીરના તાપમાનમાં વધારો થાય છે. આથી દેહ, ઈન્દ્રિય અને મનનો સંતાપ એ જ્વરનું ખાસ લક્ષણ છે. આ ઉપરાંત પરસેવો ન થવો, આખા શરીરમાં વેદના થવી વગેરે જોવા મળે છે. તાવના જુદા-જુદા પ્રકારો અનુસાર લક્ષણો જુદા-જુદા હોય છે. પરંતુ, ભૂખ ન લાગવી, તરસ વધારે લાગવી, દૌર્બલ્ય, મસ્તકમાં ભારેપણું વગેરે લક્ષણો બધા જ પ્રકારના તાવમાં જોવા મળે છે. આધુનિક યુગમાં તાવ આવે એટલે ઘણા લોકો એલોપેથી દવા લઈ લેતા તે તરત જ ઉતરી જાય છે. પરંતુ પાછળથી ઘણા સમય સુધી ઝીણો-ઝીણો તાવ રહે છે, લોકો જેને ''હાડમાં તાવ રહે છે'' એમ કહે છે. ખાસ કરીને મોટી ઉમરના વ્યક્તિઓમાં આ તાવ વધારે જોવા મળે છે. આ પ્રકારના તાવમાં ઘી અને દૂધની બનાવટનો વધારે ઉપયોગ કરવાથી અને સાથે જ્વરનાશક દવાઓ લેવાથી તે મટી શકે છે. આજે તો તાવ આવ્યો કે તાવ ઉતારવા માટે આકાશ પાતાળ એક કરવામાં આવે છે.

એક ડોક્ટરથી ન ઉતર્યો કે કાલે બીજાને પછી ત્રીજાને બતાવવામાં આવે છે. એક ઉપર એક ઈન્જેક્શનોનો મારો શરૂ થાય છે. દવાના ડોઝની શરૂઆતમાં જ મોટેભાગે મેલેરીયાની દવાના ડોઝ આપવામાં આવે છે. તેનાથી તાવ ન મટે તો આગળનો ડોઝ શરૂ કરવામાં આવે છે. ડોકટરો તાવનું કારણ જંતુઓ માનતા હોય છે. એટલે એમની આ દવાઓ એને અનુલક્ષીને જ હોય છે. પરંતુ બધા જ પ્રકારના તાવ જંતુઓને કારણે જ આવે એવું જરૂરી નથી. ''તાવમાં દરદીને ખવડાવો અને શરદી હોય તો ભૂખ્યો રાખો'' - આ માન્યતા આજે ડોક્ટરોમાં પ્રચલિત છે. અમુક કેલરીઝ ખોરાક દરદીના શરીરમાં જવો જ જોઈએ, દરદીને ખાવા ન આપો તો શરીરમાં શક્તિ ન રહે એમ આજે માનવામાં આવે છ્ક. પરંતુ હકીકતમાં એવું નથી. આયુર્વેદના આચાર્યોનો મત જ્વરની શરૂઆતમાં લંઘન (ઉપવાસ)નો જ છે. આમાશય (હોજરી)માં રહેલો આમ (કાચો જઠ્ઠરરસ)વાળો દોષ અગ્નિને બુઝાવીને જ્વર પેદા કરે છે. માટે લંઘન કરવું, દરદીને જયાં સુધી રુચિ ન હોય, શરીર હલકુ ન લાગે, ભૂખ ન લાગે, ઝાડા પેશાબનો ખુલાસો બરાબર ન રહે ત્યાં સુધી ઉપવાસ કરાવવો જ હિતાવહ છે. દરદીનું બલ જોઈને જ ઉપવાસ કરાવવાનો હોય છે. બધા માટે એક નિયમ નથી હોતા. ક્રોધ, શોક, શ્રમ અને ભયને લીધે જેને તાવ આવ્યો હોય તેને, ગર્ભિણી સ્ત્રી, બાળક, વૃદ્ધ, અતિ દુર્બળ માણસ- આટલા માટે લંઘન નુકશાનકર્તા છે. આથી લંઘન પણ મન ફાવે તેમ ન કરતા વૈદ્યની સલાહ અનુસાર જ કરવું હિતાવહ છે.

લંઘન એવુ પણ ન હોવું જોઈએ કે દરદી તદ્દન નંખાઈ જાય. જેમ તાવમાત્રમાં ખોરાક આપવો યોગ્ય નથી તેમ તાવમાત્રમાં લંઘનનો આશરો લેવો એ પણ હિતાવહ નથી. પરંતુ લંઘનના ફાયદા પણ ઘણા છે. જ્વરની શરૂઆતમાં લંઘન એ ખૂબ જ શાસ્ત્રશુદ્ધ ઉપાય છે. આનું પાલન જો થાય તો આજે વારંવાર ઉથલા ખાઈ ખાઈને તાવ આવ્યા કરે છે તે ન જ હોય. લંઘન કરવાની જેટલી સહનશકિત એટલી શક્તિ એ દોષની સમજવી. શરીરમાં આમદોષ વધારે હોય તે માણસ લંઘન પણ વધારે વખત સુધી સહન કરી શકે. આ ઉપરથી એ નકકી થાય છે કે તાવના દરદીની ઈચ્છા વિના કંઈ પણ પરાણે ખાવા ન આપવું. આમદોષ બળી ગયા પછી ભૂખ ઉઘડશે અને ત્યારે દરદી પોતે ખોરાક માગશે એટલે કે એ વખતે દરદી લંઘન સહન કરી શકતો જ નથી. આજે કડુ-કરિયાતુનો ઉપયોગ તાવમાં ઘણા લોકો કરે છે એ સારી બાબત છે. પરંતુ તેનો ઉપયોગ ઉપવાસ કરીને કરવાથી પરિણામ ઘણુ સારુ મળે છે. આ ઉપરાંત ચા, કોફી, રાબ, બાફેલા મગ, ખિચડી વગેરે લઈ શકાય. ફળફળાદિમાં દાડમ, દ્રાક્ષ, સફરજન વગેરે લઈ શકાય. તાવના દરદીને તરસ બહુ લાગતી હોય તેને પીવાનુ પાણી સૂંઠ, ધાણા અને નાગરમોથ નાખી ઉકાળેલુ પાણી જ આપવું. આ જમાનામાં શાસ્ત્રાનુસાર સાત કે પંદર દિવસનું લંઘન બધા ભલે ન કરે પણ એકાદ બે દિવસ અથવા જયાં સુધી ખાવા પર રુચિ ન થાય ત્યાં સુધી જો ખાધા વિના રહે તો ઘણુ જ સારુ પરિણામ મળી શકે. દોષોને પરિપૂર્ણ રીતે પકાવ્યા પહેલા તાવને કાઢવો એ ફરીથી તાવને આમંત્રણ આપવા જેવી રીત છે. લીમડાની ગળો એ ઉત્તમ જ્વરનાશક ઔષધિ છે. ગમે તે પ્રકારનો મેલેરિયા પણ લંઘનની સાથે ગળોના ઉપયોગથી મટી શકે છે. આજે સુદર્શન ચૂર્ણની ફાકી ઘણી વ્યકિતઓ તાવમાં લે છે. તેની સાથે સુદર્શન ચૂર્ણની ફાંટ પણ લઈ શકાય. ફાંટ બનાવવા માટે એક તપેલીમાં પાણી ગરમ કરવા મુકી તે ખૂબ જ ગરમ થઈ જાય એટલે સુદર્શન ચૂર્ણ અંદર નાખી તરત જ તપેલી નીચે ઉતારી ઢાંકી દેવું, ઠંડુ પડે એટલે કપડાથી ગાળી તે પાણી પી જવુ. આ વિધિને

સુદર્શનનો ફાંટ કહેવાય છે. તાવ હોય ત્યારે પીવાથી તાવ ઉતરી જાય છે. તાવ ન હોય ને પીધો હોય તો તાવને રોકે છે. તાવની મોસમમાં આ ફાંટ દરેક કુટુંબ વાપરે તો તાવની શક્યતા ઓછી રહે છે. કડુ-કરિયાતુના ઉપયોગ કરવા કરતા સુદર્શન ચૂર્ણનો જ્વરમાં ઉપયોગ કરવો વધારે હિતાવહ છે. કેમકે સુદર્શન ચૂર્ણમાં બાવન દવાઓ આવે છે અને મુખ્ય ભાગ તેમાં કરિયાતુનો હોય છે.

અત્યારના સમયમાં જોવા મળતા કે પ્રાચીન સમયથી થતા તમામ રોગોનું શાસ્ત્રોમાં વર્ણન કરેલુ છે. ફક્ત આવા રોગોનો નામનિર્દેશ આયુર્વેદ અનુસાર હોય છે. આથી આવા પ્રકારના રોગોની શાસ્ત્રમાં દર્શાવ્યા અનુસાર ચિકિત્સા કરવાથી તે મટી શકે છે. કોઈ પણ જાતની આડઅસરો જોવા મળતી નથી. દરદી નિરોગી અને લાંબુ જીવન જીવી શકે છે.

પ્રવૃત્તિ સમાચાર

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા (ગોલાધર)નો પ્રવાસ

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજ તેમજ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી ના આશીર્વાદથી પુષ્ટિસંસ્કાર પાઠશાલા-ગોલાધર કેન્દ્રના બાળકો તથા વાલીઓ સાથે શ્રીવલ્લભ ગોશાલાના પ્રવાસનું આયોજન કરેલું. તા.૧૫/૦૯/૨૦૧૩ને રવિવારે ગોલાધરથી સવારે ૯:૦૦ કલાકે મોટી હવેલી, જુનાગઢ જવા માટે જયઘોષ કરી રવાના થયેલ. રવિવાર હતો એટલે મોટી હવેલી એ મુખ્ય કેન્દ્રની પાઠશાલા પણ આ દિવસે જ હોય છે. તેથી શ્રીપીયૂષબાવાશ્રીની ઇચ્છા હતી કે ગોલાધર પાઠશાલાના બાળકો મુખ્ય કેન્દ્રની પાઠશાલા પ્રત્યક્ષ નિહાળે. આપશ્રીની આજ્ઞાથી અમે સૌ વાલીઓ તથા બાળકો સાથે હવેલીએ પાઠશાલામાં બેસી પાઠશાલાનો ક્રમ કર્યો. બાળકોને ખૂબ મજા આવી. ગોલાધર પાઠશાલાના બાળકોએ જૂનાગઢના બાળકો સાથે કંઇ પણ સંકોચ વિના હાથ ઉંચા કરી સંચાલકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના આત્મવિશ્વાસ થી સુંદર રીતે ઉત્તર આપી રહ્યા હતા. તેઓનો આત્મવિશ્વાસ અને ઉત્સાહ જોઇને ઘણો આનન્દ થયો. વાલીઓને પણ આ પાઠશાલા પ્રત્યક્ષ નિહાળવા મળી. તેઓને પોતાના બાળકો માટે ગૌરવ થયું અને આનન્દ થયો કે પોતાના બાળકો પાઠશાલાએ જાય છે અને સારા સંસ્કાર મેળવી રહ્યા છે. મુખ્ય કેન્દ્રનાં સંચાલકો પાસેથી પાઠશાલાનું સંચાલન કેવી રીતે કરવું એ અમને પ્રત્યક્ષ જોવા અને જાણવા મળ્યું. શ્રીપીયૂષબાવાશ્રીની કૃપાથી અમને સૌને મુખ્ય કેન્દ્રની પાઠશાલા પ્રત્યક્ષ નિહાળવા મળી જે અમારું સૌભાગ્ય છે. આમ, હવેલી એ પાઠશાલાનો ક્રમ પૂર્ણ કરી. સર્વ બાળકો, વાલીઓ તથા સર્વ સંચાલકોએ શ્રીપીયૂષબાવાશ્રીના ચરણસ્પર્શ કરી આશીર્વાદ લઇ આજ્ઞા મેળવી. ત્યારબાદ શ્રીવલ્લભ ગોશાલા (વાડલા) જવા રવાના થયા. ત્યાં પહોંચી ગોશાલાએ બધાએ સાથે ભોજન કર્યુ. ત્યારબાદ બાળકો એ રમત રમી. સર્વએ ગોશાલાની પરિક્રમા કરી ગાયમાતાના દર્શન કરી ખૂબ જ આનન્દ થયો. બાળકો તો કહેવા લાગ્યા ખૂબ મજા પડી, હવે ફરી ક્યારે આવો પ્રવાસ થશે ?

આમ, પ્રભુકૃપાથી પૂર્ણ દિવસ આનન્દમય રહ્યો.

વૈશ્નાણી નિધિબેન
ગોલાધર

શ્રીવલ્લભાચાર્ય ગુરૂકુલમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમો

ચિત્ર સ્પર્ધા

ફેન્સી ડ્રેસ સ્પર્ધા

મેમરી ટેસ્ટ

રંગોળી સ્પર્ધા



સુલેખન સ્પર્ધા

શિક્ષકદિનની ઉજવણી

સમાચાર સચિત્ર

તા.૧૯/૧૦/૨૦૧૩ના દિને શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાના વાર્ષિક સમારોહ આયોજનના ભાગ રૂપે ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદય રાજકોટ(શાપર વેરાવળ) મુકામે પધાર્યા હતા અને ત્યાં વિશાળ ધર્મસભાનું આયોજન હતું. જેમાં બન્ને આચાર્યશ્રીઓ દ્વારા સુન્દર વચનામૃતો કરવામાં આવેલ. ઉપસ્થિત વૈષ્ણવોએ ધન્યતા અનુભવી હતી.

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી તથા ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રી પ્રેરિત શ્રીવલ્લભાચાર્યજી ગુરૂકુલ-ચોકી (સોરઠ)માં વિશેષ રાસોત્સવનું આયોજન કરેલ હતું. બાળકોએ અત્યન્ત ઉત્સાહથી રાસોત્સવમાં ભાગ લીધો હતો. આસપાસના ગામનાં વૈષ્ણવો તેમજ ચોકી ગામનાં વૈષ્ણવોની સવિશેષ ઉપસ્થિતિ હતી.

વ્રતોત્સવ ટિપ્પણી

વિશેષ દિવસ નોંધ

શ્રીકૃષ્ણાબ્દ ૫૨૩૯ શ્રીવલ્લભાબ્દ ૫૩૬ વિક્રમ સંવત્ ૨૦૬૯-૭૦ નવે.- ડિસે. ૨૦૧૩

નવેમ્બર	**આસો કૃષ્ણપક્ષ**		
૦૧	૧૩	શુક્રવાર	ધનતેરશ
૦૨	૧૪	શનિવાર	રૂપ ચતુર્દશી
૦૩	૩૦	રવિવાર	દીપોત્સવ, હટડી, કાન જગાઇ
	કારતક શુક્લપક્ષ		
૦૪	૦૧	સોમવાર	અન્નકૂટોત્સવ, ગોવર્ધનપૂજા, નૂતનવર્ષ
૦૫	૦૨	મંગળવાર	ભાઇબીજ, દાદાજી ગોસ્વામી શ્રીપુરૂષોત્તમલાલજીનો
૧૦	૦૮	રવિવાર	ઉત્સવ
૧૧	૦૯	સોમવાર	ગોપાષ્ટમી
૧૩	૧૧	બુધવાર	અક્ષયનવમી
૧૪	૧૨	ગુરૂવાર	પ્રબોધિની એકાદશી દેવોત્થાપન સાયં ૭-૧૫ પછી
	કારતક કૃષ્ણપક્ષ		શ્રીગિરધરજી તથા શ્રીરઘુનાથલાલજીનો ઉત્સવ
૧૯	૦૨	મંગળવાર	ગોસ્વામી શ્રીપ્રમેયબાવાશ્રીનો જન્મદિવસ
૨૧	૦૪	ગુરૂવાર	ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીનો જન્મદિવસ
૨૬	૦૮	મંગળવાર	શ્રીગોવિન્દરાયજીનો ઉત્સવ
૨૯	૧૧	શુક્રવાર	એકાદશી વ્રત
ડીસેમ્બર	**કારતક કૃષ્ણપક્ષ**		
૦૧	૧૩	રવિવાર	શ્રીગુસાંઇજીના સાતમા લાલજી શ્રીઘનશ્યામજીનો ઉત્સવ
૦૨	૧૪	સોમવાર	સોમવતી અમાવસ
	માર્ગશીર્ષ શુક્લપક્ષ		
૦૯	૦૭	સોમવાર	શ્રીગુંસાઇજીના ચતુર્થલાલજી શ્રીગોકુલનાથજીનો ઉત્સવ
૧૧	૦૯	બુધવાર	શ્રીગુંસાઇજીના ઉત્સવની વધાઇ
૧૩	૧૧	શુક્રવાર	એકાદશી વ્રત, શ્રીવ્રજવલ્લભલાલજીનો ઉત્સવ
	માર્ગશીર્ષ કૃષ્ણપક્ષ		
૨૭	૦૯	શુક્રવાર	શ્રીગુસાંઇજીનો પ્રાકટ્યોત્સવ
૨૯	૧૨	શનિવાર	સફલા એકાદશી વ્રત

ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રી કેશોદ મુકામે વૈષ્ણવો
દ્વારા ચાલતા સત્સંગમાં પધાર્યા હતા અને
આપશ્રીના વચનામૃતનો સમસ્ત સત્સંગી વૈષ્ણવોએ લાભ લીધો હતો.

જોષીપરા (જુનાગઢ) માં
શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાના બાળકો દ્વારા
સાંસ્કૃતિક કાર્યક્રમમાં સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

Registered Newspaper
PUSHTI SANSKAR (MONTHLY)
NOVEMBER 2013
JUNAGADH - 362001
Posted on 12 th of every month

R.N.I. No. Guj Guj/34004/2010
Postal Reg. No.G-JND 304/12-15
(Valid up to 31-12-2015)

શ્રીગુસાંઈજીની વધાઈ

રાગ - દેવગન્ધાર

વિહરત સાતોં રૂપ ધરે ।
સદા પ્રકટ શ્રીવલ્લભનન્દન દ્વિજકુલ ભક્તિ વરેં ।।૧।।
શ્રીગિરિધર રાજાધિરાજ વ્રજરાજ ઉદ્યોત કરેં ।
શ્રીગોવિન્દ ઇંદુ જગ કિરણન સીંચત સુધા ધરેં ।।૨।।
શ્રીબાલકૃષ્ણ લોચન વિશાલ દેખ મન્મથ કોટિ ડરેં ।
ગુણ લાવણ્ય દયાલ કરૂણાનિધિ ગોકુલનાથ ભરેં ।।૩।।
શ્રીરઘુપતિ યદુપતિ ઘનસાંવલ મુનિજન શરણ પરેં ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ જિહિં ભજ અખિલ તરેં ।।૪।।

IF NOT DELIVERED PLEASE RETURN TO
SHREE PUSHTI FOUNDATION
MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA
Owner : SHREE PUSHTI FOUNDATION
Printer, Publisher: Jayendrakumar Bhimjibhai Tanna
Editor : Kamalkumar Gordhandas Sejpal,
Printed at SHAH GRAPHICS Street No. 6, Vraj Apartment, Talav Darwaja, Junagadh-362 001
Published at Pushti Foundation, Moti Haveli, Near Panch Hatdi Chowk, Junagadh - Gujarat.